શનિવાર, 14 ફેબ્રુઆરી, 2026 મહા વદ બારસ
"વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર"
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




દૈનિક પલ્સ સાથે આગળ રહો....

# દૈનિક પલ્સ

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## ભવનાથ મેળામાં જયરાજ આહિરે પ્રતિબંધિત વિસ્તારમાં ખાનગી બસ દોડાવી

જૂનાગઢના ભવનાથમાં શિવરાત્રી મેળામાં આ વર્ષે વહીવટી તંત્રએ "વીવીઆઈપી કલ્ચર" ખતમ કરવાના અને શિસ્ત જાળવવાના મોટા-મોટા બણગાં ફૂંક્યા હતા. પરંતુ આ તમામ દાવાઓ જાણીતા લોક સાહિત્યકાર માયા આહિરના પુત્ર જયરાજ આહિરની લક્ઝરી બસ નીચે કચડાઈ ગયા છે. જેલના સળિયા પાછળ જઈ આવેલા જયરાજ આહિરે મેળાના પ્રતિબંધિત ઝોનમાં પોતાની ખાનગી બસ ઘુસાડીને આખા જૂનાગઢ પોલીસ અને વહીવટી તંત્રને પડકાર ફેંક્યો છે.

**નિયમો માત્ર આમ જનતા માટે?** તંત્રએ આ વર્ષે પાસ સિસ્ટમ બંધ કરી અને ખાનગી વાહનો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો હતો. મંત્રીઓ અને ઉચ્ચ આઈએએસ અધિકારીઓ પણ પગપાળા ચાલીને મેળામાં જતા હોવાના ફોટા સામે આવ્યા હતા. પરંતુ, જયરાજ આહિર અને તેના મિત્રો માટે જાણે અલગ જ કાયદો હોય તેમ તેમની લક્ઝરી બસ ભવનાથ તળેટીના હૃદય સમાન ગણાતા જૂના અખાડા સુધી પહોંચી ગઈ. આ ઘટનાના વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે જયરાજ અને તેની ટોળકી શાનથી બસમાંથી ઉતરી રહી છે, જ્યારે હજારો શ્રદ્ધાળુઓ બાજુમાં ધક્કે ચડી રહ્યા છે. તંત્રની લાચારી કે મિલીભગત? સૌથી મોટો સવાલ એ છે કે ગિરનાર દરવાજાથી ભવનાથ સુધીમાં અનેક પોલીસ ચેકપોસ્ટ આવે છે. આટલી મોટી લક્ઝરી બસ પોલીસની નજરમાં કેમ ન આવી? શું પોલીસ જવાન આ વગદાર પુત્રને રોકતા ડરતા હતા? આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે ખાખીનો ડર માત્ર સામાન્ય માણસ માટે છે, જયરાજ જેવા વગદારો માટે તો કાયદો ઘરની ખેતી છે.

**ભૂતકાળ પણ વિવાદાસ્પદ:** જયરાજ આહિર અગાઉ બગદાણાના નવનીત બાલધિયા હુમલા કેસમાં મુખ્ય ષડયંત્રખોર તરીકે જેલની હવા ખાઈ આવ્યો છે. હુમલાના ભોગ બનનાર નવનીતે આરોપ લગાવ્યો હતો કે માયાભાઈ આહીરે માફી માંગવી પડી તેનાથી છંછેડાઈને જયરાજે આખું કાવતરું રચ્યું હતું. આવી ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતી વ્યક્તિને મેળામાં વીઆઈપી સુવિધા કોણે પૂરી પાડી?

**તપાસના નામે નાટક?** જૂનાગઢ કલેક્ટર અનિલ રાણાવસીયાએ તપાસના આદેશ તો આપી દીધા છે, પરંતુ જનતાને આ તપાસ પર ભરોસો નથી. જો તંત્ર ખરેખર નિષ્પક્ષ હોય, તો સીસીટીવી ફૂટેજ તપાસીને એ તમામ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવા જોઈએ જેમણે આ બસને જવા દીધી. શું વહીવટી તંત્રમાં માયા આહિરના પુત્ર સામે કડક કાર્યવાહી કરવાની હિંમત છે? કે પછી તપાસનો રિપોર્ટ ઠંડા બસ્તે નાખી દેવામાં આવશે? આ ઘટનાએ શિવરાત્રી મેળાની પવિત્રતા અને તંત્રની વિશ્વસનીયતા પર કાયમી ડાઘ લગાડ્યો છે.



**જૂનાગઢ શિવરાત્રી મેળામાં પ્રતિબંધ છતાં માયા આહિરનો પુત્ર જયરાજ બસ લઈને ઘૂસ્યો. કલેક્ટરે તપાસના આદેશ આપ્યા.**

## ચાંદોદના શિવાલયોમાં મહાશિવરાત્રીની ભક્તિસભર ઉજવણી થશે

**દૈનિક પલ્સ સમાચાર:** આગામી ૧૫ ફેબ્રુઆરીએ મહાશિવરાત્રી નિમિત્તે દક્ષિણ પ્રયાગ ગણાતા ચાંદોદ અને કરનાળી પંથકમાં ભક્તિમય વાતાવરણ સર્જાશે. શિવ આરાધનાના આ મહાપર્વે પૌરાણિક શિવાલયોમાં અનેકવિધ ધાર્મિક ઉત્સવોનું આયોજન કરવામાં આવ્યું છે. ચાંદોદના નવા માંડવા સ્થિત પરમહિતધામ આધ્યાત્મિક સંકુલમાં એકલિંગજી મહાદેવના સાંનિધ્યમાં રુદ્રાભિષેક અને ભજન સંધ્યા યોજાશે. નર્મદા કિનારે ભીમપુરા ખાતેના અશોકબાબા ધામમાં સવારે લઘુરુદ્ર અને રાત્રે ચાર પ્રહરની પૂજા થશે. અહીં દર્શનાર્થે આવતા વડીલો માટે ટ્રસ્ટ દ્વારા વડોદરાથી વિનામૂલ્યે બસ સુવિધા પૂરી પાડવામાં આવશે. કરનાળીના જગવિખ્યાત કુબેર ભંડારી મહાદેવ અને ચાંદોદના ગંગનાથ મહાદેવ ખાતે પણ અભિષેકાત્મક પૂજન અને મહાઆરતીના આયોજન કરવામાં આવ્યા છે. જ્ઞાન સાધના આશ્રમમાં મહંત સ્વામી વિવેકાનંદ સરસ્વતીજીના માર્ગદર્શન હેઠળ લઘુરુદ્રયાગ અને ભજન સત્સંગ યોજાશે, જેનો લાભ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ લેશે.



## વડોદરા: માંડવી દરવાજાનું ₹4.96 કરોડના ખર્ચે રિસ્ટોરેશન શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** બરોડા ક્રિકેટ એસોસિયેશનની ચૂંટણી હવે કાયદાકીય ગૂંચ અને આક્ષેપબાજી વચ્ચે ૧૫ ફેબ્રુઆરીએ યોજાવા જઈ રહી છે. રિવાઈવલ ગ્રુપ અને રોયલ સત્યમેવ જયતે ગ્રુપ વચ્ચેના આ જંગમાં વડોદરાના ક્રિકેટ પ્રેમીઓની નજર ટકેલી છે. રિવાઈવલ ગ્રુપના કિરણ મોરેએ તેમના મેનિફેસ્ટોમાં ૭૦ વર્ષથી વધુ વયના ભૂતપૂર્વ ક્રિકેટરો, અમ્પાયરો અને સ્કોરરો માટે પેન્શન સ્કીમ લાવવાનો વાદો કર્યો છે. પ્રણવ અમીને વિરોધ પક્ષ પર પ્રહારો કરતા કહ્યું કે, તેઓએ ભારત-ન્યુઝીલેન્ડ મેચ રદ કરાવવા સુધીના પ્રયાસો કરીને BCA નું નુકસાન કર્યું છે.

બીજી તરફ, મહારાજા સમરજિતસિંહ ગાયકવાડના રોયલ ગ્રુપે સત્યમેવ જયતે ગ્રુપ સાથે ગઠબંધન કરીને વહીવટ સુધારવા માટે હૂંકાર કર્યો છે. ડો. દર્શન બેંકરે જણાવ્યું કે વહીવટી ગેરરીતિઓ દૂર કરવા ટીમ બદલવી અનિવાર્ય છે. સંજય પટેલે સ્ટેડિયમ નિર્માણમાં થયેલા ખર્ચના હિસાબો માગી ભ્રષ્ટાચારનો મુદ્દો ઉછાળ્યો છે. જોકે, આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર હાઈકોર્ટની છાયા જોવા મળી રહી છે. હાઈકોર્ટે સ્પષ્ટ સૂચના આપી છે કે ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ કરવી પરંતુ તેનું પરિણામ કોર્ટના આગામી આદેશ સુધી જાહેર કરવું નહીં. આ નિર્ણયને કારણે બંને પક્ષોમાં ઉત્તેજના સાથે અનિશ્ચિતતાનો માહોલ છે.




**બરોડા ક્રિકેટ એસોસિયેશનની ૧૫ ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણી માટે પ્રચારના પડઘમ શાંત થયા છે. રિવાઈવલ ગ્રુપના કિરણ મોરે અને રોયલ સત્યમેવ જયતે ગ્રુપના ડો. દર્શન બેંકર વચ્ચે ખરાખરીનો જંગ છે. જોકે, હાઈકોર્ટે હાલ ચૂંટણીના પરિણામ જાહેર કરવા પર રોક લગાવી છે.**

## વડોદરા: ૨૬ ફેબ્રુઆરીથી બોર્ડ પરીક્ષા, ૭૨,૬૬૮ વિદ્યાર્થીઓ નોંધાયા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેર અને જિલ્લામાં આગામી ૨૬ ફેબ્રુઆરીથી બોર્ડની પરીક્ષાનો પર્વ શરૂ થઈ રહ્યો છે. આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ ના કુલ ૭૨,૬૬૮ વિદ્યાર્થીઓ નોંધાયા છે, જેમના માટે ૨૬૭ પરીક્ષા કેન્દ્રો પર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી મહેશ પાંડેએ પરીક્ષાની પૂર્વ તૈયારીઓ અંગે કલેક્ટર અને સંબંધિત વિભાગો સાથે બેઠક યોજી હતી. ધોરણ ૧૦ ના ૪૪,૫૮૧ અને ધોરણ ૧૨ ના ૨૮,૦૮૭ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં સામેલ થશે. વિશેષ સુવિધાઓમાં, દિવ્યાંગ બાળકો માટે સમયમાં રાહત આપવામાં આવી છે અને અધિકારીઓ તેમના ઘરે જઈને જરૂરી પ્રમાણપત્રોની ચકાસણી કરશે. સામાજિક જવાબદારીના ભાગરૂપે વડોદરાના રિક્ષા એસોસિએશને વિદ્યાર્થીઓની મદદે આવવાનો નિર્ણય કર્યો છે. જો કોઈ વિદ્યાર્થી ટ્રાફિક અથવા અન્ય કારણોસર અટવાય તો રિક્ષાચાલકો તેને રિસિપ્ટના આધારે કેન્દ્ર સુધી પહોંચાડશે. જેલના ૧૩ કેદીઓ પણ આ વખતે પરીક્ષામાં બેસવાના છે, જેના માટે જેલ પરિસરમાં જ વ્યવસ્થા કરાઈ છે. કરજણ તાલુકામાં નવું કેન્દ્ર શરૂ થતા ગ્રામીણ વિદ્યાર્થીઓને મોટી રાહત મળી છે. હાલમાં શહેરમાં ઠેર-ઠેર ડ્રેનેજ લાઈનની કામગીરી ચાલતી હોવાથી રસ્તાઓ બંધ છે, પરિણામે વિદ્યાર્થીઓને પરીક્ષાના દિવસે માનસિક તાણ ન અનુભવાય તે માટે નિર્ધારિત સમય કરતાં ૩૦ મિનિટ વહેલા નીકળવા અપીલ કરવામાં આવી છે.

**વડોદરામાં ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થતી બોર્ડની પરીક્ષામાં ૭૨,૬૬૮ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જિલ્લા શિક્ષણાધિકારી મહેશ પાંડેના જણાવ્યા મુજબ, ૨૬૭ કેન્દ્રો પર તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ટ્રાફિકની સમસ્યાને જોતા વિદ્યાર્થીઓને અડધો કલાક વહેલા નીકળવા અપીલ કરવામાં આવી છે.**



## વડોદરા: નવાયાર્ડમાં 7 દિવસ પહેલાં બનેલો રોડ ફરી ખોદાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં સરકારી નાણાંની ખુલ્લેઆમ હોળી કરવામાં આવી રહી છે. ભ્રષ્ટાચાર અને બે આયોજનના પર્યાય બનેલા વડોદરા કોર્પોરેશને નવાયાર્ડના સરસ્વતી નગરમાં વધુ એક પરાક્રમ કર્યું છે. ૧૫ વર્ષના લાંબા સમયગાળા બાદ અહીં ૧૪ લાખ રૂપિયાના માતબર ખર્ચે રોડનું નિર્માણ કરવામાં આવ્યું હતું. સ્થાનિકો હજુ તો નવા રોડ પર ચાલવાનું શીખે તે પહેલાં જ કોન્ટ્રાક્ટરે જેસીબી ફેરવી દીધું છે.

કોન્ટ્રાક્ટર ડી.બી. પટેલ દ્વારા સાત દિવસ પહેલાં જ આ રોડ બનાવવામાં આવ્યો હતો, પણ હવે ડ્રેનેજ લાઇન નાખવા માટે તેને ફરીથી ખોદી કઢાયો છે. સવાલ એ ઉઠે છે કે રોડ બનાવતા પહેલા કેમ ડ્રેનેજની યાદ ન આવી? શું સેટિંગના ખેલમાં વારંવાર રોડ ખોદીને બિલ બનાવવાનો આ નવો નુસખો છે? સ્થાનિક રહીશો તંત્ર સામે ફિટકાર વરસાવી રહ્યા છે. એક જ રોડ કેટલી વાર બનશે અને કેટલી વાર ખોદાશે? અધિકારીઓની આ લાલિયાવાડી સાબિત કરે છે કે તેમને જનતાની સુવિધામાં નહીં પણ માત્ર કાગળ પર કામ બતાવવામાં અને મલાઈ ખાવામાં જ રસ છે. આ કૌભાંડની તટસ્થ તપાસ થવી અનિવાર્ય છે.




**વડોદરા પાલિકાના આંધળા વહીવટનો નમૂનો! નવાયાર્ડમાં ૧૪ લાખના ખર્ચે સાત દિવસ પહેલાં બનેલો નવો નકોર રોડ આજે ડ્રેનેજ માટે ફરી ખોદી નાખવામાં આવ્યો છે. જનતાના પૈસાનો આવો વેડફાટ ક્યાં સુધી ચાલશે?**

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર અથવા વ્યવસાયની જાહેરાત આપવા માટે આજે જ અમારો સંપર્ક કરો. ૯૯૦૯૯૧૧૧૭૫

# વડોદરા પાલિકાની સ્થાયી સમિતિએ 23 મહત્વના વિકાસ કામો મંજૂર કર્યા

## વડોદરા સ્થાયી સમિતિ: 23 કામો મંજૂર, કોન્ટ્રાક્ટર ટર્મિનેટ



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં આજે અનેક મહત્વના વહીવટી અને વિકાસલક્ષી નિર્ણયો લેવામાં આવ્યા છે. કુલ 23 જેટલી દરખાસ્તો પર ચર્ચા-વિચારણા કર્યા બાદ સમિતિએ આ તમામ કામોને મંજૂરીની મહોર મારી છે. પાલિકાના 9 અતિથિગૃહોમાં હાઉસકિપિંગનું કામ સંભાળતા ગ્લોબલ એન્ટરપ્રાઇઝ નામના કોન્ટ્રાક્ટરે ટેન્ડર પ્રક્રિયા દરમિયાન સીએના (CA) ખોટા દસ્તાવેજો રજૂ કરી ખોટું ટર્નઓવર બતાવ્યું હોવાનું ઓડિટ વિભાગની તપાસમાં બહાર આવ્યું હતું. આ ગંભીર બેદરકારી બદલ સ્થાયી સમિતિએ આ ઇજારદારને 3 વર્ષ માટે ટર્મિનેટ કરવાનો નિર્ણય લીધો છે. ઇજારદારની ડિપોઝીટ અને ચુકવણા અંગેની કાયદેસરની કાર્યવાહીની સત્તા મ્યુનિસિપલ કમિશનરને સોંપવામાં આવી છે.

વડોદરા મહાનગરપાલિકા અમૃત 2.0 યોજના હેઠળના વિવિધ પ્રોજેક્ટ્સ માટે રૂ. 200 કરોડના બ્લુ બોન્ડનો પબ્લિક ઇશ્યુ બહાર પાડવા જઈ રહી છે. આ અંગે જરૂરી એજન્સીઓની નિમણૂક, નિયમ મુજબ કમિટીની રચના અને કેસ સ્ટડી કરવાની તમામ સત્તા કમિશનરને આપવામાં આવી છે. આ પગલાથી શહેરના પાણી અને ડ્રેનેજ પ્રોજેક્ટ્સના ગેપ ફંડિંગમાં મોટી મદદ મળશે.

ધાર્મિક ઉત્સવ અને અન્ય સુવિધાઓ: આગામી મહાશિવરાત્રી પર્વે વડોદરામાં નીકળનારી ભવ્ય 'શિવજી કી સવારી' અને સુરસાગર ખાતે યોજાનારી મહાઆરતી માટે પાલિકા દ્વારા કરવામાં આવતી વ્યવસ્થાઓના ખર્ચની સત્તા પણ કમિશનરને અપાઈ છે. આ ઉપરાંત, શહેરના વિવિધ વિસ્તારોમાં ડ્રેનેજ લાઇન નાખવા અને અન્ય માળખાગત સુવિધાઓના કામોને પણ લીલી ઝંડી આપવામાં આવી છે.


સ્થાયી સમિતિના આ નિર્ણયોથી શહેરના વિકાસ કામોમાં ગતિ આવશે અને ગેરરીતિ આચરતા કોન્ટ્રાક્ટરોમાં પણ કડક સંદેશ જશે. ખાસ કરીને બ્લુ બોન્ડનો નિર્ણય વડોદરાની નાણાકીય વ્યવસ્થાપન માટે એક નવું સોપાન ગણવામાં આવી રહ્યો છે. આ બેઠકમાં લેવાયેલા તમામ 23 કામો હવે અમલીકરણના તબક્કામાં જશે, જેનાથી નાગરિકોને વધુ સારી સુવિધાઓ પ્રાપ્ત થશે.

**વડોદરા પાલિકાની સ્થાયી સમિતિએ આજે મળેલી બેઠકમાં શહેરના વિકાસલક્ષી 23 કામોને બહાલી આપી છે. આ બેઠકમાં સૌથી મોટો નિર્ણય 9 અતિથિગૃહોમાં હાઉસકિપિંગનું કામ કરતા ગ્લોબલ એન્ટરપ્રાઇઝ સામે લેવાયો છે. સીએના ખોટા દસ્તાવેજો રજૂ કરવા બદલ આ કોન્ટ્રાક્ટરને 3 વર્ષ માટે ટર્મિનેટ કરાયો છે. આ ઉપરાંત, અમૃત 2.0 યોજના હેઠળ 200 કરોડના બ્લુ બોન્ડ બહાર પાડવાની પ્રક્રિયા અને શિવજી કી સવારીના આયોજનના ખર્ચની સત્તા મ્યુનિસિપલ કમિશનરને આપવાનો મહત્વનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.**

# વડોદરામાં દુકાનદારને ૧,૫૦૦ ને બદલે ૭૮ હજારનું વીજ બિલ આવ્યું

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના સુભાનપુરામાં રહેતા એક મધ્યમવર્ગીય દુકાનદારને વીજ કંપનીની બેદરકારીને કારણે માનસિક તણાવનો સામનો કરવો પડ્યો છે. અજયભાઈ વાળા નામના દુકાનદારને નવા મીટરના ઇન્સ્ટોલેશન બાદ રૂ. ૭૮,૬૦૫નું વીજ બિલ ફટકારવામાં આવ્યું છે. દર બે મહિને માંડ ૧,૫૦૦ રૂપિયા બિલ ભરતા ગ્રાહક માટે આ રકમ આઘાતજનક હતી.

અજયભાઈએ જણાવ્યું હતું કે, સવારે ઓનલાઈન બિલ ચેક કરતા જ તેમના હોશ ઉડી ગયા હતા. જૂનું મીટર બંધ થઈ જતા કંપનીએ નવું મીટર મૂક્યું હતું, પરંતુ તેમાં કદાચ જૂના મીટરના યુનિટ્સની ખોટી ગણતરી અથવા કર્મચારીની રીડિંગ નોંધવાની ક્ષતિને કારણે આટલું મોટું બિલ જનરેટ થયું હતું. અજયભાઈએ સમય સૂચકતા વાપરી તુરંત જ અલકાપુરી GEB ઓફિસનો સંપર્ક સાધ્યો હતો. સદનસીબે, વીજ કંપનીના અધિકારીઓએ આ મામલે સકારાત્મક વલણ દાખવ્યું હતું. અધિકારીઓએ સ્વીકાર્યું હતું કે આટલી મોટી રકમનું બિલ ટેકનિકલ ભૂલ અથવા માનવીય ક્ષતિને કારણે હોઈ શકે છે. હાલ દુકાનદારનું બિલ હોલ્ડ પર રાખીને ટેકનિકલ ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ઘટનાએ અન્ય વીજ ગ્રાહકોમાં પણ ચિંતા જગાડી છે કે શું ડિજિટલ યુગમાં પણ આવી ગંભીર ભૂલો થઈ શકે છે?




**વડોદરાના સુભાનપુરામાં એક દુકાનદારને નવું મીટર લગાવ્યા બાદ રૂ. ૭૮,૬૦૫નું તોતિંગ વીજ બિલ આવતા ગભરાટ ફેલાયો છે. સામાન્ય રીતે રૂ. ૧,૫૦૦ બિલ ભરતા ગ્રાહકે વીજ કંપનીમાં રજૂઆત કરતા અધિકારીઓએ ટેકનિકલ ભૂલ હોવાનું સ્વીકારી તપાસ હાથ ધરી છે.**

## પારીખા શાળા: શિક્ષકો ગાયબ અને બાળકોના હાથમાં સાવરણી

**દૈનિક પલ્સ સમાચાર:** શિક્ષણના નામે કરોડોનો ધુમાડો કરતી સરકાર માટે ડભોઇની પારીખા પ્રાથમિક શાળા એક આઘાતજનક અહેવાલ બનીને સામે આવી છે. અહીંના 41 નિર્દોષ બાળકોને ભણાવવાના બદલે તેમની પાસે શાળાના રૂમો અને મેદાનમાં કચરો વળાવવામાં આવી રહ્યો છે. વાલીઓ પોતાના સંતાનોને ઉજ્જવળ ભવિષ્ય માટે શાળાએ મોકલે છે, પરંતુ અહીં તો બાળકોને બાળમજૂરીના પાઠ ભણાવવામાં આવી રહ્યા હોય તેવું લાગે છે.

શાળાની શિસ્ત અને વ્યવસ્થા સાવ ખાડે ગઈ છે. સત્તાવાર રીતે બે શિક્ષકો હોવા છતાં, એક દોઢ મહિનાથી ગુલ્લી મારી રહ્યા છે અને બીજા શિક્ષક મન ફાવે ત્યારે આવે છે. સવારે 11:15 થઈ જાય તો પણ શાળામાં રામરાજ્ય જેવી સ્થિતિ હોય છે. અન્ય શાળાના શિક્ષકને ચાર્જ સોંપાયો હોવા છતાં તેઓ પણ સમયપાલન કરતા નથી. જ્યારે આ ગેરરીતિ અંગે ખુલાસો માંગવામાં આવ્યો, ત્યારે જવાબદારોએ મીડિયા સમક્ષ મૌન સેવી લીધું હતું. આ દ્રશ્યો સાબિત કરે છે કે અહીં બાળકોના ભવિષ્ય સાથે ગંભીર રમત રમાઈ રહી છે. શું ડભોઇનું શિક્ષણ વિભાગ આ આળસુ અને બેજવાબદાર શિક્ષકો સામે લાલ આંખ કરશે? કે પછી આ લાલિયાવાડી આમ જ ચાલતી રહેશે?



## વાઘોડિયા: ખાનગી યુનિવર્સિટીના B.Tech વિદ્યાર્થીનો આપઘાત

**દૈનિક પલ્સ સમાચાર:** વાઘોડિયા તાલુકાની ખાનગી યુનિવર્સિટીના હોસ્ટેલ કેમ્પસમાં મુંબઈના તેજસ્વી વિદ્યાર્થીના આપઘાતની ઘટનાએ સૌને હચમચાવી દીધા છે. મૂળ મુંબઈના બોરીવલીનો રહેવાસી મીત જગદીશ પટેલ (ઉં.વ. ૨૧) અહીં B.Tech નો અભ્યાસ કરતો હતો. ગઇકાલે તેણે પોતાની હોસ્ટેલના રૂમમાં પંખાના હૂક સાથે ચાદર વડે ગળાફાંસો ખાઈ લીધો હતો.

ઘટનાની જાણ થતા જ હોસ્ટેલ પ્રશાસન દ્વારા વાઘોડિયા પોલીસને જાણ કરવામાં આવી હતી. તપાસ અધિકારી ડી. આર. દેસાઈના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થીના પિતા વડોદરા આવી પહોંચ્યા છે અને પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ તેમને સોંપવામાં આવ્યો છે. મીત પાસેથી કોઈ ચિઠ્ઠી મળી નથી, જે આપઘાતનું કારણ સ્પષ્ટ કરી શકે. જોકે, પોલીસે મીતનો મોબાઈલ ફોન કબજે લીધો છે. પોલીસનું માનવું છે કે મોબાઈલની ફોરેન્સિક તપાસથી આપઘાત પાછળનું ચોક્કસ કારણ જાણી શકાશે. આ ઘટનાને પગલે તેના સાથી મિત્રો અને સહપાઠીઓમાં ભારે ગમગીની જોવા મળી રહી છે.

## અણખોલ: ગટર લાઈન તપાસવા ઉતરેલા મેનેજર અને કર્મીનું મોત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા નજીક અણખોલ ગામે વુડાની ડ્રેનેજ લાઈનના કામ દરમિયાન પ્રોજેક્ટ મેનેજર અને લાઈનમેનનું મોત થતા ચકચાર મચી છે. હાઈવે નજીક હિમાલયા પાર્ટી પ્લોટ પાસે આવેલી ગટર લાઈન ચોકઅપ થતા લાઈનમેન અક્ષય ભાભોર ચેમ્બરમાં ઉતર્યો હતો. અંદર ઉતરતા જ તે બેભાન થઈ જતા, તેને બચાવવા માટે પ્રોજેક્ટ મેનેજર વિપુલભાઈ માંગરોલીયાએ પણ ચેમ્બરમાં ઝંપલાવ્યું હતું. જોકે, ગટરમાં રહેલા ઝેરી ગેસને કારણે બંને ગૂંગળાઈને બેભાન થઈ ગયા હતા.

બપોરે જમવાના સમયે અન્ય સાથી કર્મચારીઓ શોધવા નીકળ્યા ત્યારે આ ઘટનાની જાણ થઈ હતી. વિપુલભાઈનું વજન 90 કિલોથી વધુ હોવાથી તેમને બહાર કાઢવામાં 2 કલાક જેટલો સમય લાગ્યો હતો. બંનેને સયાજી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. ઉલ્લેખનીય છે કે, વુડાએ 4 વર્ષ પહેલા 18 કિમીના ડ્રેનેજ નેટવર્કનું કામ કોન્ટ્રાક્ટરને આપ્યું હતું, જે હજુ પણ અધૂરું છે.

## વડોદરા: કેનેડાની લાલચ આપી દુષ્કર્મ અને બ્લેકમેલિંગનો ગુનો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરમાંથી સંબંધોને શરમાવે તેવી એક ઘટના પ્રકાશમાં આવી છે. નવાપુરા વિસ્તારમાં આર.વી. દેસાઈ રોડ પર રહેતા એક પરિવારે પાડોશમાં રહેતી પરિણીતાનો વિશ્વાસ જીતીને તેને બ્લેકમેલિંગની જાળમાં ફસાવી હતી. જ્યોત્સના શાહ અને તેના પરિવારે પરિણીતાને લાલચ આપી હતી કે તેઓ તેની દીકરીને કેનેડા ભણવા મોકલવામાં મદદ કરશે. આ લાલચમાં આવી ગયેલી પરિણીતા પર મેહુલ શાહે 2022માં દુષ્કર્મ આચર્યું હતું.

આ આખી ઘટનાનો અન્ય આરોપીઓએ છૂપી રીતે વીડિયો ઉતારી લીધો હતો. આ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી આરોપીઓ પરિણીતાને સતત બ્લેકમેલ કરતા હતા. 2025માં જલ્પેશ શાહે આ જ વીડિયોનો ડર બતાવી ફરી દુષ્કર્મ આચર્યું અને પીડિતાની દીકરી સાથે પણ શારીરિક છેડછાડ કરી હતી. આરોપીઓનો હેતુ પરિણીતા પર ચાલતા કોર્ટ કેસો દબાવવાનો અને આર્થિક લાભ લેવાનો હતો. પરિણીતાએ નવાપુરા પોલીસ સ્ટેશનમાં પાંચેય આરોપીઓ વિરુદ્ધ નામજોગ ફરિયાદ આપી છે. પોલીસે આ મામલાની ગંભીરતા સમજીને હિમેશ કહારની ધરપકડ કરી લીધી છે અને મુખ્ય આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો : ૯૯૦૯૯૧૧૧૭૫

# દશનામી મહિલા મંડળ દ્વારા વડોદરામાં ભવ્ય ફૂલ ફાગ ઉત્સવ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં વસતા દશનામી મહિલા મંડળ દ્વારા તેની સ્થાપનાના ટૂંકા ગાળામાં જ પ્રશંસનીય સામાજિક કાર્યો અને સાંસ્કૃતિક આયોજનો હાથ ધરવામાં આવ્યા છે. આ જ પરંપરાને આગળ ધપાવતા, મંડળ દ્વારા તાજેતરમાં હોળીના તહેવારને આવકારવા માટે “ફાગણ ફૂલ રસિયા – ફૂલ ફાગ ઉત્સવ”નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉજવણીમાં દક્ષિણ અને મધ્ય ગુજરાતના વિવિધ વિસ્તારો જેવા કે દાહોદ, ઝાલોદ, દેવગઢ બારિયા, મોડાસા અને સંત્રામપુરની બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. કાર્યક્રમમાં પરંપરાગત ફાગણના ગીતો અને ભક્તિગીતોની સુરાવલીઓ વચ્ચે તમામ બહેનોએ એકબીજા પર પુષ્પવર્ષા કરી ફૂલ ફાગ ઉત્સવની મજા માણી હતી. સમૂહ નૃત્ય અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓએ ઉત્સવના આનંદમાં ઓર વધારો કર્યો હતો.

આ અવસરે મંડળના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમોનો મુખ્ય હેતુ સમાજની બહેનોને એક મંચ પર લાવી આપણી ભવ્ય સંસ્કૃતિનું જતન કરવાનો છે. બહેનોએ એકતા અને પરસ્પર સહયોગના સંકલ્પ સાથે ફાગણના આ પર્વને યાદગાર બનાવ્યો હતો. આ ફૂલ ફાગ ઉત્સવ માત્ર રંગોની ઉજવણી મર્યાદિત ન રહેતા મહિલા સશક્તિકરણ અને સામાજિક સૌહાર્દનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.



## સાવલી: એક્સપ્રેસ હાઈવે પર પશુઓ ભરેલું કન્ટેનર ઝડપાયું



**દૈનિક પલ્સ સમાચાર:** આણંદના સામરખાથી મહારાષ્ટ્રના માલેગાંવ કતલખાને લઈ જવાતા ૧૯ પશુઓને સાવલીના રાયકા એક્સપ્રેસ હાઈવે પર બચાવી લેવાયા છે. જીવદયા પ્રેમી જતીન વ્યાસ અને તેમની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી કન્ટેનર ઝડપ્યું હતું. ક્રૂરતાપૂર્વક બાંધેલા પશુઓને પાંજરાપોળ મોકલાયા છે. ભાદરવા પોલીસે ફારુકમિયા અને ઇલિયાસમિયા મલેક નામના આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વડોદરા: વાડીમાં વૃદ્ધ દંપતી પર હુમલો, પોલીસ પર ગંભીર આક્ષેપ



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના મહાનગર વુડાના મકાનોમાં રહેતા વાસુભાઈ શિંદે અને તેમના પત્ની પર પાડોશમાં રહેતા અર્જુન વસાવાએ હુમલો કર્યો હતો. વાસુભાઈનો પુત્ર અર્જુનની પત્નીને લઈને પલાયન થઈ ગયો હોવાથી આ હુમલો કરાયો હતો. પીડિત દંપતીએ ગંભીર આક્ષેપ કર્યો છે કે હુમલાખોરે પોલીસને લાંચ આપી હોવાથી તેમની ફરિયાદ લેવામાં આવતી નહોતી. હુમલામાં ગંભીર ઈજાગ્રસ્ત દંપતીને સયાજી હોસ્પિટલ ખસેડાયા છે, જ્યારે એસીપીએ આ મામલે તપાસની ખાતરી આપી છે.

## વડોદરા: ફતેગંજમાં પ્લાસ્ટિકના ગોડાઉનમાં લાગી ભીષણ આગ



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના ફતેગંજ વિસ્તારમાં આવેલા સદર બજારમાં પ્લાસ્ટિકની ડીશોના ગોડાઉનમાં શોર્ટ સર્કિટના કારણે આગ ફાટી નીકળી હતી. ગોડાઉનમાં પ્લાસ્ટિકનો સામાન ખીચોખીચ ભરેલો હોવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. બદામડી બાગ ફાયર સ્ટેશનના અધિકારીઓએ સ્ટાફ સાથે પહોંચી ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વેપારીને મોટાપાયે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં સ્માર્ટ સ્કૂલો અને એસી બસોનું કર્યું લોકાર્પણ

## શતાબ્દી મહોત્સવ: મુખ્યમંત્રીએ ૧૫ સ્માર્ટ સ્કૂલોનું કર્યું લોકાર્પણ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ગૌરવશાળી ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'શતાબ્દી શિક્ષા મહોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શિક્ષણ અને જાહેર પરિવહન ક્ષેત્રે શહેરને અનેક મહત્વપૂર્ણ ભેટો અર્પણ કરી હતી.

મુખ્યમંત્રીએ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ૧૫ નવી સ્માર્ટ સ્કૂલો અને નવનિર્મિત સ્કૂલ બોર્ડ ભવનનું લોકાર્પણ કર્યું. કાર્યક્રમની એક યાદગાર ક્ષણ એ રહી જ્યારે મુખ્યમંત્રીએ પ્રોટોકોલ બાજુ પર મૂકીને સરકારી શાળાના બાળકો સાથે બેસીને તેમની સાથે હળવાશથી વાતચીત કરી હતી. શ્રેષ્ઠ શતાબ્દી અનુપમ શાળાઓ અને નિષ્ઠાવાન શિક્ષકોને મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાના હસ્તે એવોર્ડ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

મુખ્યમંત્રીએ શિક્ષકોને સંબોધતા રમુજમાં કહ્યું કે, "તમારો પિરિયડ ૪૫ મિનિટનો હોય છે, આજે તમારે મને સાંભળવાનો વારો છે." તેમણે વધુમાં ઉમેર્યું કે, ૫૬,૦૦૦થી વધુ બાળકો ખાનગી શાળાઓ છોડીને સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવી રહ્યા છે, જે શિક્ષણ સમિતિની મોટી સફળતા છે. શિક્ષણની સાથે શહેરીજનોની મુસાફરી સુખદ બનાવવા માટે મુખ્યમંત્રીએ ૯ નવી એસી ઇલેક્ટ્રિક AMTS બસોને લીલી ઝંડી આપી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કુલ ૨૦૦ નવી એસી બસો ખરીદવાનું આયોજન છે, જેના પ્રથમ તબક્કાની બસો હવે શહેરના વિવિધ રૂટ પર કાર્યરત થશે. આ બસો ખાસ કરીને ઉનાળાની કાળઝાળ ગરમીમાં મુસાફરો માટે રાહતનું કારણ બનશે. શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાએ જણાવ્યું કે, "આ શતાબ્દી મહોત્સવ આગામી ૧૦૦ વર્ષના ભવિષ્યનો પાયો છે. અમે માત્ર ઇમારતો નથી બનાવતા, પણ ભવિષ્યનું નિર્માણ કરીએ છીએ." મેયર પ્રતિભા જૈને સૌ શહેરીજનો વતી મુખ્યમંત્રીનો આભાર માનતા કહ્યું કે, અમદાવાદની તમામ શાળાઓ હવે સ્માર્ટ બની રહી છે અને શિક્ષણની ગુણવત્તામાં ખાનગી શાળાઓને પણ પાછળ છોડી રહી છે.

આ કાર્યક્રમમાં શિક્ષણ સમિતિના સભ્યો, કોર્પોરેશનના અધિકારીઓ અને મોટી સંખ્યામાં શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ૧૦૦ વર્ષની આ સફરના શતાબ્દી મહોત્સવે સાબિત કર્યું છે કે અમદાવાદની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હવે આધુનિક યુગના પડકારો ઝીલવા સંપૂર્ણ સજ્જ છે.




**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં 'શતાબ્દી શિક્ષા મહોત્સવ' અંતર્ગત નવીન સ્કૂલ બોર્ડ ભવન અને ૧૫ સ્માર્ટ સ્કૂલોનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવાની સાથે મુસાફરોની સુવિધા માટે ૯ નવી એસી ઇલેક્ટ્રિક AMTS બસોને પણ લીલી ઝંડી બતાવી હતી.**

# નરોડા અકસ્માત: દારૂડિયા કાર ચાલકે માસૂમ બાળકીને કરી લોહીલુહાણ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના નરોડામાં રસ્તા પર મોતનું તાંડવ ખેલતા દારૂડિયા ચાલકની કરતૂત સામે આવી છે. નરોડા કાપડી વાસ પાસે દારૂના નશામાં ગળાડૂબ કાર ચાલક રાઘવેંદ્ર સિંગે બેફામ સ્પીડે ગાડી ચલાવી સામેથી આવતા એક નિર્દોષ પરિવારને ટક્કર મારી હતી. એક્ટિવા પર સવાર રીતેશભાઈ, તેમના પત્ની અને માત્ર 4 વર્ષની બાળકી રોડ પર પટકાયા હતા. આ નરાધમ અકસ્માતમાં માસૂમ બાળકીના મોઢા પર ગંભીર ઈજાઓ થઈ છે, જ્યારે તેના માતા-પિતા પણ હોસ્પિટલના બિછાને છે.

સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે અકસ્માત સર્જનાર આરોપીની કારમાંથી દારૂની બોટલ મળી આવી છે. આ ઘટના ચીસ પાડીને કહી રહી છે કે અમદાવાદના રસ્તાઓ હવે સામાન્ય જનતા માટે સુરક્ષિત રહ્યા નથી. અકસ્માત સર્જીને ભાગી રહેલા આરોપીને સ્થાનિકોએ પકડી પાડ્યો હતો, નહીંતર કદાચ આ શખ્સ પોલીસ પકડથી દૂર જ હોત. ટ્રાફિક પોલીસે મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ નરોડામાં રહેતા રાઘવેંદ્ર સિંગની ધરપકડ તો કરી લીધી છે, પરંતુ આવા કિસ્સાઓ વારંવાર કેમ બને છે? શું પોલીસનો ડર ખતમ થઈ ગયો છે કે પછી દારૂબંધીના નામે માત્ર નાટક ચાલે છે? માસૂમ બાળકી અત્યારે ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેનો આખો પરિવાર આઘાતમાં છે. આ ઘટના નશાખોરી અને પોલીસની નિષ્ફળતાનું વરવું પ્રતીક છે.

**કહેવાતી દારૂબંધીવાળા ગુજરાતના અમદાવાદમાં દારૂડિયાઓએ માઝા મૂકી છે. નરોડાના કાપડી વાસ પાસે દારૂના નશામાં ચૂર કાર ચાલકે સામેથી આવતા એક્ટિવા પર સવાર દંપતી અને તેમની 4 વર્ષની માસૂમ બાળકીને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં બાળકીના મોઢાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી છે. અકસ્માત બાદ ભાગી રહેલા નશાખોર ચાલકને સ્થાનિકોએ પીછો કરી પકડી પાડ્યો હતો. આરોપીની કારમાંથી દારૂની બોટલ મળી આવતા પોલીસની કામગીરી અને શહેરમાં બેફામ વેચાતા દારૂ સામે ગંભીર સવાલો ઉભા થયા છે.**

# મેટ્રિમોનિયલ લગ્ન બાદ યુવતીને મંત્રેલું પાણી પીવડાવ્યું

**દૈનિક પલ્સ સમાચાર:** મેટ્રિમોનિયલ સાઇટ દ્વારા જીવનસાથી શોધવાનું રાજકોટની એક યુવતીને ભારે પડ્યું છે. આઈટી કંપનીમાં નોકરી કરતી ૨૯ વર્ષીય યુવતીના લગ્ન વડોદરામાં બેંકર તરીકે કાર્યરત યુવક સાથે થયા હતા. પરંતુ લગ્ન બાદ પતિ અને સાસરીયાઓનો અસલી ચહેરો સામે આવ્યો હતો. સાસરીયાઓ દ્વારા યુવતી પર ઘરનો તમામ આર્થિક બોજ ઉઠાવવા દબાણ કરવામાં આવ્યું હતું અને સોનાના દાગીના પરત આપવા ધમકી અપાઈ હતી. કાર્યક્રમમાં સૌથી ચોંકાવનારી બાબત અંધશ્રદ્ધાની છે. યુવતીને અવારનવાર મંત્રેલું પાણી પીવડાવવામાં આવતું અને તેને તાંત્રિક વિધિનો ભય બતાવવામાં આવતો હતો. પિયરથી લાવેલી મીઠાઈમાં વશીકરણ હોવાનું કહી અપમાનિત કરવામાં આવતી હતી. જ્યારે યુવતી બીમાર પડી ત્યારે તેની સંભાળ લેવાને બદલે પતિએ તેને એકલી મૂકી દીધી અને ઈમેઈલ દ્વારા ડિવોર્સની જાણ કરી વાતચીત બંધ કરી દીધી હતી. આખરે ત્રસ્ત થયેલી યુવતીએ પોલીસના દ્વાર ખખડાવ્યા.

**રાજકોટની યુવતીએ વડોદરામાં બેંકર પતિ અને સાસરીયાઓ વિરુદ્ધ અંધશ્રદ્ધા અને માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. લગ્ન બાદ યુવતીને મંત્રેલું પાણી પીવડાવી, કમાણી માટે દબાણ કરી પતિએ છૂટાછેડાની ધમકી આપતા આખરે મહિલા પોલીસ મથકે ન્યાયની ગુહાર લગાવાઈ છે.**

# અમદાવાદ NDPS કોર્ટ: આરિફ સૈયદને 12 વર્ષ કેદ અને દંડ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદમાં નશાના વેપારીઓ સામે ન્યાયતંત્રએ લાલ આંખ કરી છે. દાણીલીમડા વિસ્તારના મોહમ્મદ આરિફ સૈયદ સામે નોંધાયેલા NDPS એક્ટના ગુનામાં અમદાવાદની વિશેષ અદાલતે તેને કસૂરવાર ઠેરવી ૧૨ વર્ષની સખત કેદની સજા સંભળાવી છે.

પોલીસ બાતમીના આધારે આરીફના ઘરે દરોડો પાડવામાં આવ્યો હતો, જ્યાંથી કોડીન ફોસ્ફેટ ધરાવતી ૮૫ નંગ નશાકારક સીરપની બોટલો મળી આવી હતી. જેની બજાર કિંમત ૧૫ હજાર રૂપિયાથી વધુ હતી. કોર્ટમાં કેસ ચાલતા સરકારી વકીલ દિલીપસિંહ એમ. ઠાકોરે ભારપૂર્વક રજૂઆત કરી હતી કે આરોપી અગાઉ પણ આવા ગુનાઓમાં સંકળાયેલો રહ્યો છે. ડ્રગ્સનું દૂષણ માત્ર વ્યક્તિને જ નહીં પરંતુ તેના આખા પરિવારને પાયમાલ કરે છે. જજ વી.બી. રાજપૂતે પુરાવાઓ અને સમાજ પર પડતી નકારાત્મક અસરોને ધ્યાનમાં રાખી આરોપીને ૨ લાખ રૂપિયાના દંડ સાથે જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.



**દાણીલીમડાના આરીફ સૈયદને નશાકારક સીરપ વેચવા બદલ NDPS કોર્ટે 12 વર્ષની કેદ અને 2 લાખનો દંડ ફટકાર્યો. યુવાધનને બચાવવા મોટો ચુકાદો.**

# E4U એન્ટરટેઈનમેન્ટ: 'વાટ લાગી' અને 'ચોર નંબર-1' ફિલ્મો જાહેર

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નવા જોમ અને જુસ્સા સાથે E4U એન્ટરટેઈનમેન્ટ દ્વારા બે મહત્વકાંક્ષી ફિલ્મોના ટાઈટલનું અનાવરણ કરવામાં આવ્યું છે. 'વાટ લાગી' અને 'ચોર નંબર-1' નામના આ બે પ્રોજેક્ટ્સ દ્વારા પ્રોડક્શન હાઉસ ગુજરાતી સિનેમાને આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકાવવા માંગે છે. અમિત વેડાવાલા અને નિલેશ મોદીની આગેવાનીમાં આ ફિલ્મમાં પ્રતિષ્ઠિત પ્રોડક્શન હાઉસીસનો પણ સહયોગ મળ્યો છે.

ફિલ્મ 'વાટ લાગી' એક કોમેડી સસ્પેન્સ ડ્રામા છે, જેમાં ભવ્ય ગાંધી, જીનલ બેલાણી અને દીપ વૈદ્ય જેવા જાણીતા ચહેરાઓ જોવા મળશે. આ ફિલ્મ દિવાળીના માહોલમાં એટલે કે ઓક્ટોબર-નવેમ્બર આસપાસ સિનેમાઘરોમાં રિલીઝ થશે. બીજી તરફ, 'ચોર નંબર-1' એક સામાજિક સંદેશ આપતી હળવી ફિલ્મ છે, જે ને 2026માં મોટા પડદે દસ્તક આપશે. પ્રોડક્શન હાઉસ માત્ર મોટા કલાકારો જ નહીં, પરંતુ નવી ટેલેન્ટને પણ પ્રાધાન્ય આપી રહ્યું છે. આ ફિલ્મોને OTT પ્લેટફોર્મ પર રિલીઝ કરી વિશ્વભરના ગુજરાતીઓ સુધી પહોંચાડવાનું મજબૂત આયોજન છે. ફેબ્રુઆરીના અંત સુધીમાં બંને ફિલ્મો ફ્લોર પર જશે, જે ગુજરાતી પ્રેક્ષકો માટે મનોરંજનની નવી ભેટ સાબિત થશે.




રિપોર્ટ : ચેતન રાજપૂત

# મ્યુનિસિપલ કોર્પોરેશનની બેદરકારીથી કોંક્રીટમાં દટાયા હયાત વૃક્ષો, આવરદા ઘટી

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભ્રષ્ટ અને બેદરકાર તંત્રની વધુ એક કાળી કરતૂત સામે આવી છે. પર્યાવરણ બચાવવાના નામે કરોડો રૂપિયાના બજેટ ફાળવતું મ્યુનિ. તંત્ર વાસ્તવમાં વૃક્ષો માટે "જમદૂત" સાબિત થઈ રહ્યું છે. એક તરફ મ્યુનિ. આગામી વર્ષે 50 લાખ નવા વૃક્ષો વાવવાની જાહેરાતો કરીને જનતાની આંખમાં ધૂળ નાખી રહ્યું છે, ત્યારે બીજી તરફ શહેરના રસ્તાઓ અને ફૂટપાથ પર વર્ષો જૂના હયાત વૃક્ષોને જીવતા ચણી લેવામાં આવી રહ્યા છે.

આ ગંભીર બેદરકારી સામે રિક્રિએશન, કલ્ચરલ અને હેરિટેજ કમિટીમાં ઉગ્ર આક્રોશ જોવા મળ્યો છે. કમિટીમાં થયેલી રજૂઆત મુજબ, એન્જિનિયરિંગ વિભાગ દ્વારા જ્યારે ફૂટપાથ બનાવવામાં આવે છે, ત્યારે વૃક્ષોની આસપાસ ચોક્કસ ગોળાકાર જગ્યા છોડવાના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરાય છે. મૂર્ખ અને બેદરકાર કોન્ટ્રાક્ટરો અને ઈજનેરો વૃક્ષના થડની ચારેબાજુ સિમેન્ટ-કોંક્રીટનું સજ્જડ પડ ચણી દે છે. આ "કોંક્રીટની કેદ" વૃક્ષ માટે મૃત્યુદંડ સમાન છે.

વૃક્ષો માટે કેવી રીતે ઘાતક બને છે આ પદ્ધતિ?

- ગળું ઘોંટાય છે: સિમેન્ટના કઠણ પડને કારણે થડની જાડાઈ વધવાનો કુદરતી માર્ગ બંધ થઈ જાય છે.
- તરસથી મરે છે: કોંક્રીટને કારણે થડ અને મૂળના ઉપરના ભાગમાં પાણી કે હવાનો ભેજ ઉતરી શકતો નથી.
- ધીમું મૃત્યુ: આ પ્રકારે જડાયેલા વૃક્ષો આંતરિક રીતે નબળા પડે છે અને બે જ વર્ષમાં સુકાઈને કડડભૂસ થઈ જાય છે.

કમિટીના ચેરમેન જયેશ ત્રિવેદીએ આ અંગે ડીવાયએમસીને સંબંધિત ઝોનના અધિકારીઓને તાકીદ કરવા નિર્દેશ આપ્યો છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે શું એન્જિનિયરિંગ વિભાગ પાસે સામાન્ય બુદ્ધિ નથી કે જીવંત વૃક્ષને કોંક્રીટથી ન જડાય? મ્યુનિ.ની આ અણઘડ નીતિને કારણે શહેરના વર્ષો જૂના વૃક્ષોનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. નવા 50 લાખ વૃક્ષો વાવતા પહેલા જે છે તેને બચાવવાની મ્યુનિ.ની દાનત જ નથી તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જનતાના ટેક્સના પૈસાથી વૃક્ષો વાવવા અને પછી પોતાની જ મૂર્ખામીથી તેમને મારી નાખવા એ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જૂની આદત બની ગઈ છે.



**મ્યુનિસિપલ કોર્પોરેશનનું આંધળું તંત્ર પર્યાવરણના નામે કેવો ખેલ ખેલી રહ્યું છે તેનું વરવું ઉદાહરણ સામે આવ્યું છે. આગામી વર્ષે 50 લાખ વૃક્ષો વાવવાનો દાવો કરનાર મ્યુનિ. અત્યારે હયાત વૃક્ષોની આવરદા પૂરી કરી રહ્યું છે. ફૂટપાથ બનાવતી વખતે એન્જિનિયરિંગ વિભાગ વૃક્ષના થડની આસપાસ જગ્યા રાખવાને બદલે તેને સિમેન્ટ-કોંક્રીટથી સજ્જડ જડી દે છે. આ ગંભીર મુદ્દે કમિટીમાં ફરિયાદ ઉઠતા ચેરમેન જયેશ ત્રિવેદીએ પણ સ્વીકાર્યું છે કે આનાથી વૃક્ષો સુકાઈ રહ્યા છે. શું આ જ છે મ્યુનિ.નું ગ્રીન અમદાવાદ?**

# મહિસાગર-પંચમહાલ-દાહોદ ઝોન કક્ષાની AI અને રોબોટિક્સ તાલીમ યોજાઈ

## મહિસાગર-પંચમહાલ-દાહોદ: શિક્ષકો માટે AI-રોબોટિક્સ તાલીમ

**દૈનિક પલ્સ સમાચાર:** મહિસાગર, પંચમહાલ અને દાહોદ ઝોનના શિક્ષકો માટે ૧૨ થી ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન 'AI અને રોબોટિક્સ' વિષય પર બે દિવસીય તાલીમ સફળતાપૂર્વક યોજાઈ હતી. રાજ્યમાં ટેકનોલોજી આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે તજજ્ઞ શિક્ષકો પટેલિયા સંજયકુમાર, રાઠોડ કલ્પેશભાઈ અને પટેલ દેવેશભાઈએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

તાલીમના પ્રથમ દિવસે PictoBlox સોફ્ટવેરનો પરિચય આપી બ્લોક આધારિત કોડિંગ દ્વારા સરળ પ્રોગ્રામ બનાવતા શીખવવામાં આવ્યું હતું. ત્યારબાદ Arduino Uno બોર્ડ સાથે પ્રોગ્રામ ઇન્સ્ટોલેશનની પ્રક્રિયા સમજાવવામાં આવી હતી. બીજા દિવસે પ્રાયોગિક સત્રમાં બ્રેડબોર્ડ અને LED જોડાણો પર ભાર મૂકવામાં આવ્યો હતો.

શિક્ષકોએ વાયર કનેક્શન, રેઝિસ્ટરનો ઉપયોગ અને એનોડ-કેથોડની ઓળખ મેળવીને સ્વયં 'LED Blink' પ્રોજેક્ટ પૂર્ણ કર્યો હતો. આ બે દિવસીય મનોમંથનનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષકોને આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવાનો છે, જેથી તેઓ વિદ્યાર્થીઓને ભવિષ્યમુખી શિક્ષણ આપી શકે. તાલીમમાં સામેલ શિક્ષકોએ ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો અને જણાવ્યું હતું કે આ પ્રકારના પ્રાયોગિક જ્ઞાનથી શાળાઓમાં રોબોટિક્સ લેબની પ્રવૃત્તિઓને નવો વેગ મળશે. STEM શિક્ષણના માધ્યમથી વિદ્યાર્થીઓની તાર્કિક શક્તિ વધારવાની દિશામાં આ એક સરાહનીય પ્રયાસ છે.





# વડોદરા રેલવે પોલીસ ચોકી પાસે જ SMCનો દરોડો, શરાબ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. 6 પર આજે જે દ્રશ્યો જોવા મળ્યા તેણે રેલવે પોલીસની કામગીરીને કઠેડામાં ઉભી કરી દીધી છે. ટ્રેનમાંથી વિદેશી શરાબનો મસમોટો જથ્થો ઉતારીને તેને નિર્ભયપણે ઇકો કારમાં સગેવગે કરવાની પેરવી ચાલી રહી હતી. બુટલેગરોનો આટલો મોટો હોંસલો ત્યારે જ શક્ય છે જ્યારે તેમને પોલીસનો કોઈ ડર ન હોય. આ આખો ગેરકાયદેસર ખેલ રેલવે LCB પોલીસ ચોકીની નજીક જ ખેલાઈ રહ્યો હતો, છતાં સ્થાનિક પોલીસને કંઈ જ ખબર ન પડી તે વાત ગળે ઉતરે તેવી નથી. અંતે SMC (સ્ટેટ મોનિટરિંગ સેલ) ની ટીમે દરોડો પાડીને 58 પેટી વિદેશી શરાબ સાથે 4 શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. SMC એ લાખોની કિંમતનો દારૂ અને ઇકો કાર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સફળ દરોડાએ સ્થાનિક રેલવે પોલીસની કહેવાતી 'તર્કતા' પર પાણી ફેરવી દીધું છે. શું ઉચ્ચ અધિકારીઓ આ મામલે જવાબદાર પોલીસ કર્મીઓ સામે પગલાં લેશે કે પછી દર વખતની જેમ ભીનું સંકેલી લેવામાં આવશે? રેલવે સ્ટેશન જેવા સુરક્ષિત ગણાતા સ્થળેથી આટલી મોટી માત્રામાં દારૂ પકડાવો એ સુરક્ષા તંત્રની ગંભીર નિષ્ફળતા દર્શાવે છે.



# વેલેન્ટાઈન ડે નિમિત્તે સાવન કૃપાલ રૂહાની મિશનનો દિવ્ય પ્રેમ સંદેશ

**દૈનિક પલ્સ સમાચાર:** ૧૪ ફેબ્રુઆરી એટલે કે વેલેન્ટાઇન ડેના અવસરે સાવન કૃપાલ રૂહાની મિશન દ્વારા એક મહત્વપૂર્ણ આધ્યાત્મિક સંદેશ આપવામાં આવ્યો છે. સેન્ટ વેલેન્ટાઇનના જેલવાસ દરમિયાન બાળકો જે રીતે કાપલીઓ પર પ્રેમ સંદેશ મોકલતા, તે ઘટના હૃદયની સાચી લાગણીઓનું પ્રતિક છે. મિશન મુજબ, આજનો યુગ પ્રેમને માત્ર ભૌતિક આકર્ષણ માને છે, પરંતુ વાસ્તવમાં પ્રેમ એ ઈશ્વર અને માનવ વચ્ચેનું દિવ્ય સૂત્ર છે. ગુરુ ગોવિંદ સિંહજીના શબ્દોમાં, "જેઓએ પ્રેમ કર્યો છે, તેઓએ જ ભગવાનને મેળવ્યા છે." આ પ્રેમની અનુભૂતિ કોઈ જીવંત ગુરુના માર્ગદર્શન હેઠળ જ શક્ય છે. ગુરુ આત્માને જાગૃત કરી તેને ચેતનાના મહાસાગર સુધી લઈ જાય છે. જ્યારે માનવી સંતોના નિઃસ્વાર્થ પ્રેમનો અનુભવ કરે છે, ત્યારે તે ભય અને આસક્તિથી મુક્ત થાય છે.

આજના દિવસે આપણે એ વિચારવાની જરૂર છે કે શું આપણી પાસે ગરીબો માટે કરુણા છે? શું આપણે પીડિતો માટે પ્રાર્થના કરીએ છીએ? સાચો ધર્મ પ્રેમમાં રહેલો છે અને જો આપણે ભગવાનને પ્રેમ કરીએ છીએ, તો તે આપણા વર્તનમાં ગરીબો અને અસહાયોની સેવા દ્વારા દેખાવું જોઈએ. સાવન કૃપાલ રૂહાની મિશન, જે દિલ્હી અને અમેરિકા સ્થિત આંતરરાષ્ટ્રીય કેન્દ્રો દ્વારા કાર્યરત છે, તે સમગ્ર માનવજાતને આધ્યાત્મિક પ્રેમનો આ માર્ગ અપનાવવા અનુરોધ કરે છે. **રિપોર્ટ : ચેતન રાજપૂત**



**૧૪ ફેબ્રુઆરીએ ઉજવાતા વેલેન્ટાઇન ડેનો ઉદ્દેશ્ય માત્ર સાંસારિક પ્રેમ નથી, પરંતુ આધ્યાત્મિકતા અને ઈશ્વર પ્રાપ્તિ છે. સેન્ટ વેલેન્ટાઇનના બાળકો પ્રત્યેના પ્રેમને યાદ કરી, સાવન કૃપાલ રૂહાની મિશને સમગ્ર માનવજાત પ્રત્યે કરુણા અને દિવ્ય પ્રેમ જાગૃત કરવા આહ્વાન કર્યું છે.**

# સાવલી: ૨૦ વર્ષ બાદ એસટી ડેપો અને વર્કશોપનું લોકાર્પણ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા સાવલી ખાતે નવનિર્મિત એસટી ડેપો અને વર્કશોપનો ભવ્ય લોકાર્પણ સમારોહ યોજાયો. રાજ્ય મંત્રી કમલેશ પટેલના હસ્તે આ સુવિધા જનતાને સમર્પિત કરવામાં આવી. સાવલીમાં છેલ્લા ૨૦ વર્ષથી ડેપોની ખોટ વર્તાતી હતી, જેના કારણે મુસાફરો અને નિગમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે નવો ડેપો અને વર્કશોપ બનતા બસોનું મેન્ટેનન્સ સાવલીમાં જ શક્ય બનશે, જે સમય અને નાણાં બંનેની બચત કરશે.

આ પ્રસંગે ધારાસભ્ય કેતન ઈનામદારની વિશેષ ઉપસ્થિતિમાં સાવલી-અંબાજી બસ સેવાને હરી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ધારાસભ્યશ્રીએ જણાવ્યું કે, આગામી સમયમાં સાવલીને વિવિધ મુખ્ય યાત્રાધામો સાથે જોડતી વધુ બસ સેવાઓ શરૂ કરવામાં આવશે. આ સુવિધાથી નોકરિયાત વર્ગ, વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય મુસાફરોની મુસાફરી વધુ સુગમ અને ઝડપી બનશે. લોકાર્પણ કાર્યક્રમમાં વહીવટી તંત્રના અધિકારીઓ, જિલ્લા પંચાયતના પ્રમુખ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સાવલીના રહીશોએ આ નવી સુવિધાને ઉમળકાભેર વધાવી લીધી છે, કારણ કે હવે તેમને એસટી લગતી નાની-મોટી સમસ્યાઓ માટે અન્ય તાલુકાઓ સુધી જવું પડશે નહીં.

**રિપોર્ટ : કિરણસિંહ સોલંકી**




'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'

# મંત્રી ઈશ્વરસિંહ પટેલે ડાંગની ઘાણા જૂથ પાણી યોજનાની લીધી મુલાકાત

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્યના પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલે ડાંગ જિલ્લાની મુલાકાત દરમિયાન ગાયગોઠણ ખાતે નિર્માણ પામી રહેલી 'ઘાણા જૂથ પાણી પુરવઠા યોજના'નું નિરીક્ષણ કર્યું હતું. ડાંગના પહાડી વિસ્તારોમાં ઉનાળા દરમિયાન પાણીની તંગી ન સર્જાય તે માટે ₹૨૫૦૨.૭૭ લાખના ખર્ચે આ મહત્વાકાંક્ષી યોજના સાકાર થઈ રહી છે. આ યોજનામાં ગાયગોઠણ, કોટબા, ધવલીદોડ, ઘાણા, જામલાપાડા, ગાઢવી સહિતના કુલ ૧૦ ગામોનો સમાવેશ થાય છે. મંત્રીશ્રીએ પૂર્ણા નદી પર બની રહેલા બે બંધ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની જાત માહિતી મેળવી હતી. આ યોજનાની વિશેષતા એ છે કે તે ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરાઈ છે, જે વર્ષ ૨૦૪૯ સુધીની અંદાજે ૧૩,૩૭૯ની વસ્તીને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડશે. મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, અંતરિયાળ વિસ્તારના નાગરિકોની તરસ છિપાવવી એ સરકારની પ્રાથમિકતા છે. મુલાકાત દરમિયાન તેમણે ઉગા ચેકડેમની પણ મુલાકાત લીધી હતી અને ખેડૂતો માટે સિંચાઈની સુવિધાઓનો તાગ મેળવ્યો હતો. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ અને પાણી પુરવઠા બોર્ડના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ યોજના કાર્યરત થવાથી કૂવા અને જૂના ચેકડેમ પરની નિર્ભરતા ઘટશે અને બહેનોને પાણી માટે પડતી મુશ્કેલીઓનો અંત આવશે.




# ગણપત યુનિવર્સિટી: મેગા જૉબ ફેર દ્વારા 600થી વધુને તક

**દૈનિક પલ્સ સમાચાર:** ગણપત યુનિવર્સિટી અને મહેસાણા જિલ્લા રોજગાર કચેરી દ્વારા સંયુક્ત રીતે ૧૪ ફેબ્રુઆરીએ "રોજગાર સેતુ" મેગા જૉબ ફેરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન દ્વારા ગુજરાતમાં કાર્યરત ખાનગી ઉદ્યોગ-ગૃહો અને રોજગારી મેળવવા ઈચ્છતા યુવા વર્ગને એક જ મંચ પર લાવવાનો પ્રયાસ કરાયો છે. સીનિયર ડાયરેક્ટર પ્રો. ડૉ. કિશોર બારડના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૬૦૦થી વધુ ઉમેદવારોએ આ મેળા માટે નોંધણી કરાવી છે. આ જૉબ ફેરમાં ટાટા મોટર્સ, બોશ રેક્ષરોથ, મેકેઈન ફૂડ્સ અને એસબીઆઈ લાઈફ જેવી ૧૮ પ્રતિષ્ઠિત કંપનીઓ ભાગ લેશે. આઈટીઆઈ, ડિપ્લોમા, ડિગ્રી અને માસ્ટર કોર્સ કરેલા વિદ્યાર્થીઓ માટે એન્જિનિયરિંગ, ફાર્માસ્યુટિકલ્સ અને ફાઈનાન્સ જેવા ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવાની આ સુવર્ણ તક છે. આ મેળા દ્વારા વિદ્યાર્થીઓને સીધો જ ઉદ્યોગ-ગૃહો સાથે સંપર્ક કરવાની અને યોગ્ય વ્યવસાયિક માર્ગદર્શન મેળવવાની તક સાંપડશે.

**રિપોર્ટ : ચેતન રાજપૂત**

**ગણપત યુનિવર્સિટી અને મહેસાણા રોજગાર કચેરી દ્વારા ૧૪ ફેબ્રુઆરીએ "રોજગાર સેતુ" મેગા જૉબ ફેરનું આયોજન કરાયું છે. ટાટા મોટર્સ અને ટેક મહેન્દ્રા જેવી ૧૮ કંપનીઓ ૬૦૦થી વધુ યુવા પ્રતિભાઓને એન્જિનિયરિંગ, આઈટી અને ફાર્મા ક્ષેત્રે નોકરીની વિશાળ તકો પૂરી પાડશે.**

# ડાંગમાં બોર્ડ પરીક્ષાની પૂર્વ તૈયારી માટે શિક્ષણ મંત્રીની વર્ચ્યુઅલ કોન્ફરન્સ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લામાં શૈક્ષણિક બોર્ડની પરીક્ષાઓના સુચારુ સંચાલન માટે જિલ્લા કલેક્ટર શાલિની દુહાન અને જિલ્લા પોલીસ વડા પૂજા યાદવની હાજરીમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ વર્ચ્યુઅલી જોડાઈને અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ૨૬ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ ૨૦૨૬ સુધી ચાલનારી આ પરીક્ષામાં ડાંગના ૬૩૩૯ વિદ્યાર્થીઓનું ભવિષ્ય નક્કી થશે.

બેઠક દરમિયાન ઝોનલ કચેરીઓ અને સ્ટ્રોંગ રૂમ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાના આદેશ અપાયા છે. શિક્ષણ મંત્રીએ ખાસ સૂચના આપી હતી કે પરીક્ષા દરમિયાન વીજ પુરવઠો ખોરવાય નહીં અને વિદ્યાર્થીઓને પરિવહન માટે કોઈ મુશ્કેલી ન પડે તે જોવાની જવાબદારી સંબંધિત વિભાગોની રહેશે. ડાંગ જેવા અંતરિયાળ જિલ્લામાં ધોરણ ૧૦ માટે ૧૬ અને ધોરણ ૧૨ માટે કુલ ૯ કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે. પરીક્ષામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે સીસીટીવી સર્વેલન્સ અને ફ્લાઈંગ સ્ક્વોડની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારી જીગ્નેશ ત્રિવેદી સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




**ડાંગ જિલ્લામાં ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થતી ધોરણ ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષા સંદર્ભે શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. જિલ્લાના ૨૫ કેન્દ્રો પર ૬૩૩૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. સીસીટીવી, એસટી બસ અને આરોગ્ય સુવિધાઓ સુનિશ્ચિત કરવા સૂચના અપાઈ છે.**

# માહિતી ખાતાની ચિંતન શિબિર: પોઈચામાં શબ્દની આરાધનાનો મંગલ પ્રારંભ

## પોઈચા: માહિતી ખાતાની બે દિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લાના નીલકંઠધામ-પોઈચા ખાતે માહિતી ખાતાની બે દિવસીય ચિંતન શિબિરનો ૧૩મી ફેબ્રુઆરીથી મંગલ પ્રારંભ થયો છે. રાજ્યના માહિતી વિભાગની કામગીરીને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાના હેતુથી આયોજિત આ શિબિરમાં રાજ્યભરના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા છે.

શિબિરનું ઉદ્ઘાટન કરતા માહિતી કમિશનર કે. એલ. બચાણીએ ખૂબ જ પ્રેરક સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, ‘સેવા એ જ સાધના, શબ્દની આરાધના’ માત્ર ટેગલાઈન નથી પણ માહિતી ખાતાની કાર્યસંસ્કૃતિ છે. ડિજિટલ ક્રાંતિના આ યુગમાં જ્યારે માહિતી સેકન્ડોમાં વિશ્વના ખૂણેખૂણે પહોંચે છે, ત્યારે છેવાડાના ગામડામાં બેઠેલા માનવી સુધી સરકારી યોજનાની સાચી અને સચોટ માહિતી પહોંચે તે જોવાની જવાબદારી માહિતી વિભાગની છે. કમિશનરશ્રીએ સંસ્કૃતના ‘ધૃ’ ધાતુનો સંદર્ભ આપીને જણાવ્યું કે ધારણ કરવા યોગ્ય બાબતોને જાળવી રાખવી એ જ પરમ ધર્મ છે અને માહિતી અધિકારીઓ માટે શબ્દની ગરિમા જાળવવી એ તેમનો પરમ ધર્મ છે. શિબિરમાં અધિકારીઓના માનસિક સ્વાસ્થ્ય અને કાર્યક્ષમતા પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. પ્રખ્યાત લાઈફ કોચ દીપકભાઈ તેરૈયાએ 'કામને ગમતું કરો અથવા ગમતું કામ કરો' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે સમજાવ્યું કે ઘણીવાર સરકારી સેવાઓમાં અનિચ્છનીય કામગીરી કે બદલીઓ તણાવનું કારણ બને છે, પરંતુ જો આપણે આપણો અભિગમ બદલીએ અને કામને બોજ સમજવાને બદલે નવી તક તરીકે સ્વીકારીએ, તો તણાવ આપોઆપ ઓછો થઈ જાય છે.

બે દિવસીય આ શિબિર દરમિયાન અધિકારીઓ સોશિયલ મીડિયા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને બદલાતા પ્રત્યાયન માધ્યમોના ઉપયોગ અને તેની સામેના પડકારો અંગે ઊંડાણપૂર્વક ચર્ચા-વિચારણા કરશે. નર્મદાના કાંઠે શાંત અને કુદરતી વાતાવરણમાં યોજાયેલી આ શિબિર માહિતી અધિકારીઓને નવી ઊર્જા અને વિઝન પૂરું પાડશે. આ મનોમંથન દ્વારા આગામી સમયમાં સરકારની જનકલ્યાણકારી યોજનાઓ વધુ વેગવંતી અને પારદર્શક રીતે લોકો સુધી પહોંચશે તેવો વિશ્વાસ વ્યક્ત કરાયો.



રિપોર્ટ : વસીમ મેમન

**નર્મદા જિલ્લાના પોઈચા ખાતે માહિતી ખાતાની બે દિવસીય ચિંતન શિબિરનો ઉત્સાહભેર પ્રારંભ થયો છે. આ શિબિરમાં રાજ્યના વર્ગ ૧-૨ના અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે. માહિતી કમિશનર કે.એલ. બચાણીએ ‘સેવા એ જ સાધના, શબ્દની આરાધના’ ટેગલાઈન સાથે જણાવ્યું કે, ડિજિટલ યુગમાં છેવાડાના માનવી સુધી સરકારી નિર્ણયો ક્ષતિરહિત પહોંચાડવા એ વિભાગનો પરમ ધર્મ છે. લાઈફ કોચ દીપકભાઈ તેરૈયાએ ‘કામને ગમતું કરો’ વિષય પર અધિકારીઓને તણાવમુક્ત રહી જવાબદારી નિભાવવા પ્રેરણા આપી હતી. આ શિબિર અધિકારીઓને ટેકનોલોજીના પડકારો ઝીલવા નવી ઊર્જા પૂરી પાડશે.**

# નર્મદામાં વાહન અકસ્માતો અટકાવવા વિવિધ બ્લેક સ્પોટનું સ્થળ નિરીક્ષણ

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લામાં સુરક્ષિત માર્ગ મુસાફરી માટે પોલીસ અને માર્ગ મકાન વિભાગ દ્વારા સઘન કામગીરી શરૂ કરવામાં આવી છે. જિલ્લા પોલીસ અધિક્ષક વિશાખા ડબરાલ અને તેમની ટીમ દ્વારા NHAI ના એન્જિનિયરો સાથે મળીને જિલ્લાના ૧૦ થી વધુ સંભવિત અકસ્માત ઝોનનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. વડીયા જકાતનાકાથી લઈને અમીયાર ગામ સુધીના વિવિધ પોઈન્ટ્સ પર રોડની ડિઝાઈન અને ટ્રાફિક સાધનોની સમીક્ષા કરવામાં આવી હતી.

તંત્ર દ્વારા લેવાયેલા આ નિર્ણય મુજબ, હવે જોખમી વળાંકો અને ચારરસ્તાઓ પર કેટ આઈ, સાઇન બોર્ડ, થર્મોપ્લાસ્ટિક પટ્ટા અને યેલો બોક્ષ જેવી આધુનિક સુવિધાઓ કાર્યરત કરવામાં આવશે. રાત્રિના સમયે દ્રશ્યતા વધારવા માટે હાઇ માસ્ક લાઇટ અને બ્લિંકર લાઇટ સ્થાપિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ પગલાંથી ફેટલ (જાનલેવા) અકસ્માતોના પ્રમાણમાં મોટો ઘટાડો થવાની આશા છે. બીજી તરફ, જાગૃતિ અભિયાનના ભાગરૂપે દેડીયાપાડા પોલીસ મથક ખાતે યોજાયેલા કાર્યક્રમમાં હેલ્મેટ વિનાના વાહનચાલકોને દંડ ફટકારવાને બદલે હેલ્મેટનું વિતરણ કરી ટ્રાફિકના નિયમો સમજાવવામાં આવ્યા હતા. પોલીસ તંત્રની આ માનવીય અભિગમ વાળી કામગીરીને ગ્રામજનોએ પણ આવકારી છે.


રિપોર્ટ : વસીમ મેમન




# નેત્રંગ: કોંગ્રેસની જન આક્રોશ રેલીનું ભવ્ય સ્વાગત કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લાના નેત્રંગ પંથકમાં કોંગ્રેસની 'જન આક્રોશ રેલી'એ રાજકીય માહોલ ગરમાવી દીધો છે. રાજ્યના વિવિધ પ્રશ્નો અને ખાસ કરીને આદિવાસી વિસ્તારોની સમસ્યાઓને વાચા આપવા માટે કોંગ્રેસ દ્વારા આ જનસંપર્ક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ યાત્રા જ્યારે નેત્રંગ ગામમાં પ્રવેશી ત્યારે વાતાવરણ કોંગ્રેસમય બની ગયું હતું.

આ રેલીમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ નેતૃત્વ સંભાળ્યું હતું. તેમની સાથે આદિવાસીઓના હકની લડત લડતા વાંસદાના ધારાસભ્ય અનંતભાઈ પટેલ અને ડેડીયાપાડાના પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ વસાવા પણ જોડાયા હતા. આ ત્રણેય દિગ્ગજ નેતાઓની એકસાથે હાજરીથી આદિવાસી પટ્ટામાં કોંગ્રેસની મજબૂત પકડ હોવાનો સંદેશ આપવાનો પ્રયાસ કરાયો હતો.

નેત્રંગના મુખ્ય હૃદય સમાન બિરસા મુંડા ચોક અને ચાર રસ્તા ખાતે રેલીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્થાનિક કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોએ નેતાઓ પર પુષ્પવર્ષા કરી હતી. આદિવાસી સંસ્કૃતિના પ્રતીક સમાન બિરસા મુંડા ચોક ખાતે નેતાઓએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને ત્યાં ઉપસ્થિત જનમેદનીને સંબોધન કર્યું હતું. નેતાઓએ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ખેડૂતો, યુવાનો અને આદિવાસી સમાજની અવગણના થઈ રહી છે, જેના પરિણામે જનતામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

નેત્રંગમાં જંગી જનમેદની વચ્ચે સ્વાગત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ, રેલી આગળના મુકામ માટે નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તરફ આગળ વધી હતી. માર્ગમાં ઠેર-ઠેર ગ્રામજનો દ્વારા રેલીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના મતે, આ રેલી આગામી ચૂંટણીઓ પહેલા સંગઠનને મજબૂત કરવા અને જનતાના મુદ્દાઓને ધારદાર બનાવવા માટેનું એક મહત્વનું પગલું છે.

રેલીમાં જોડાયેલા અન્ય આગેવાનોએ પણ સ્થાનિક પ્રશ્નો જેમ કે બેરોજગારી અને શિક્ષણની સુવિધા અંગે ચર્ચાઓ કરી હતી. આ રેલી ડેડીયાપાડા પહોંચી ત્યાં પણ વિશાળ સભાનું આયોજન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. નેત્રંગના આ કાર્યક્રમથી કોંગ્રેસના કાર્યકરોમાં એક નવી ઊર્જાનો સંચાર થયો હોય તેવું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું હતું.


રિપોર્ટ : ભાવેશ વસાવા




# ડી.ડી. ચોકસી વિદ્યાલયમાં ધોરણ ૧૦ અને ૧૨નો વિદાય સમારોહ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** દાંતા તાલુકાના નવાવાસ સ્થિત ડી.ડી. ચોકસી વિદ્યાલયમાં બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે વિદાય સહ શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના પ્રમુખ શ્રી જશવંતલાલ બી. ગાંધી અને પન્નાબેન ગાંધીએ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ધોરણ ૯ અને ૧૧ની બહેનોએ ભાવભીનું વિદાય ગીત રજૂ કર્યું હતું. શાળાના તેજસ્વી તારલાઓને સન્માનિત કરતા, મુંબઈ નિવાસી ચેતનાબેન ગુપ્તા તરફથી ધોરણ ૧૨ના પ્રથમ ક્રમાંકિત ભાઈ-બહેનને લેપટોપ એનાયત કરાયા હતા. આ ઉપરાંત, વિવિધ સ્મૃતિ ફંડ અને દાતાઓ તરફથી વિદ્યાર્થીઓને સ્માર્ટવૉચ, શિલ્ડ, ઑફિસ બેગ અને પેન જેવી ભેટ આપવામાં આવી હતી. શાળાના આચાર્ય એચ.એમ. પટેલ અને શિક્ષકો દિલીપસિંહ બારડ તથા તગાભાઈ કાળોતરાએ વિદ્યાર્થીઓને પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા અને જીવનમાં સફળ થવા માટે આશીર્વચન પાઠવ્યા હતા. અંતમાં શિક્ષક ડી.એ. પઠાણ સાહેબે આભાર વિધિ કરી હતી. આ કાર્યક્રમે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને પ્રેરણાનું સિંચન કર્યું હતું.




**દાંતાના નવાવાસ ખાતે ડી.ડી. ચોકસી વિદ્યાલયમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો હતો. પ્રમુખ જશવંતલાલ ગાંધીની ઉપસ્થિતિમાં તેજસ્વી વિદ્યાર્થીઓને લેપટોપ, સ્માર્ટવૉચ અને શિલ્ડ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શિક્ષકોએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા.**

# વિચરતા સમુદાય સમર્થન મંચ દ્વારા નિરાધાર વૃદ્ધોને રાશનકીટનું વિતરણ કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** સુરેન્દ્રનગર શહેરમાં વિચરતી અને વિમુક્ત જાતિના ઉત્થાન માટે કાર્યરત 'વિચરતા સમુદાય સમર્થન મંચ' દ્વારા એક પ્રશંસનીય સેવા કાર્ય કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા ફેબ્રુઆરી-૨૬ માસ માટે જરૂરિયાતમંદ, અશક્ત અને નિરાધાર વૃદ્ધોને રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિચરતી જાતિના એવા અનેક પરિવારો છે કે જેમાં વૃદ્ધો એકલા રહે છે અથવા તો શારીરિક અશક્તતાને કારણે રોજગારી મેળવી શકતા નથી. આવા લોકોની મુશ્કેલી સમજીને સંસ્થાએ તેમને એક મહિનાનું સંપૂર્ણ રાશન મળી રહે તેવી વ્યવસ્થા કરી છે.

સંસ્થાના સ્થાપક મિતલબેન પટેલના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના કો-ઓર્ડિનેટર હર્ષદ કે. વ્યાસ દ્વારા વિતરણની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. આ કરિયાણાની કીટમાં જીવનજરૂરી તમામ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિતરણ સમયે હર્ષદ વ્યાસે જણાવ્યું હતું કે, વિચરતા સમુદાયના અશક્ત વૃદ્ધોને ભૂખ્યા ન રહેવું પડે તે માટે સંસ્થા કટિબદ્ધ છે. આ કાર્યક્રમ અંતર્ગત આગામી સમયમાં પણ દર મહિને આ રીતે રાશનકીટનું વિતરણ ચાલુ રાખવામાં આવશે. સંસ્થાના આ કાર્યને સ્થાનિકો અને સમાજના અગ્રણીઓએ બિરદાવ્યું હતું, કારણ કે આ સહાયથી છેવાડાના માનવી સુધી સાચા અર્થમાં મદદ પહોંચી રહી છે.



**સુરેન્દ્રનગરમાં 'વિચરતા સમુદાય સમર્થન મંચ' દ્વારા જરૂરિયાતમંદ અને અશક્ત વૃદ્ધોને ફેબ્રુઆરી-૨૬ માસની રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના સ્થાપક મિતલબેન પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા કો-ઓર્ડિનેટર હર્ષદ વ્યાસ દ્વારા આ સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી.**

# વડોદરાની કોસ્મોસ બેંકના લોકરમાંથી ૩૫ તોલા સોનું ગાયબ થતા ખળભળાટ

## કોસ્મોસ બેંક લોકર ચોરી: ૩૫ તોલા સોનું ગાયબ, બેંક મૌન

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં બેંકિંગ સુરક્ષાના દાવાઓની પોલ ખુલી ગઈ છે. વાઘોડિયા રોડ વિસ્તારમાં આવેલી કોસ્મોસ કો-ઓપરેટિવ બેંકમાં લોકર સેફ્ટી "રામ ભરોસે" હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં એક ગ્રાહકના લોકરમાંથી ૩૫ તોલા સોનાના દાગીના ગાયબ થઈ જતાં સમગ્ર શહેરમાં ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે તમારી જીવનભરની કમાણી હવે બેંકના લોખંડી કબાટમાં પણ સુરક્ષિત નથી. ભોગ બનનાર ગ્રાહક નરેન્દ્ર શાહના ઘરે બે દિવસ પછી દીકરીના લગ્ન છે. શુભ પ્રસંગ હોવાથી તેઓ આજે વહેલી સવારે દાગીના લેવા માટે ઉત્સાહભેર બેંક પહોંચ્યા હતા. પરંતુ જેવું લોકર ખોલ્યું, તેમનો આખો પરિવાર આઘાતમાં સરી પડ્યો હતો. લોકર ખાલીખમ હતું અને અંદર રાખેલું ૩૫ તોલા સોનું ગાયબ હતું. જે દાગીના દીકરીને આશીર્વાદ રૂપે આપવાના હતા, તે બેંકની બેદરકારીના કારણે ગાયબ થઈ ગયા. નરેન્દ્રભાઈએ જ્યારે આ અંગે બેંક સત્તાધીશોને રજૂઆત કરી, ત્યારે મળેલા પ્રતિસાદે તેમની આશા પર પાણી ફેરવી દીધું. બેંક મેનેજમેન્ટે કોઈ પણ પ્રકારનો સંતોષકારક જવાબ આપવાને બદલે રહસ્યમય મૌન ધારણ કરી લીધું છે. મીડિયા અને ગ્રાહકોના સવાલોથી બચવા માટે મેનેજમેન્ટે પોતાની ઓફિસના દરવાજા બંધ કરી દીધા છે. આ પ્રકારનું વર્તન શંકાની સોય બેંકના જ કોઈ કર્મચારી તરફ ચીંધે છે. શું બેંકની ડુપ્લીકેટ ચાવીઓનો ઉપયોગ થયો છે? કે પછી લોકર ઓપરેટ કરતી વખતે કોઈ મોટી ગેરરીતિ આચરવામાં આવી છે? બાપોદ પોલીસ મથકે નરેન્દ્ર શાહની ફરિયાદના આધારે ગુનો નોંધ્યો છે. પોલીસે લોકર ઓપરેટ કરવાના રજીસ્ટર અને છેલ્લા કેટલાક મહિનાના સીસીટીવી ફૂટેજ જપ્ત કર્યા છે. લોકર જેવી અતિ સુરક્ષિત ગણાતી સુવિધામાં આવી ચોરી સ્ટાફની સંડોવણી વગર શક્ય નથી એવું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે. બેંકમાં લોકર રાખવા માટે ગ્રાહકો મોટું ભાડું ચૂકવે છે અને કિંમતી વસ્તુઓનો વીમો પણ હોય છે, તેમ છતાં આવી ઘટનાઓ બેંકિંગ સિસ્ટમની વિશ્વસનીયતા પર કાયમી પ્રશ્નાર્થ ચિન્હ મૂકે છે.

આજે જ્યારે શાહ પરિવાર દીકરીના લગ્નની તૈયારી કરવાને બદલે પોલીસ સ્ટેશન અને બેંકના ધક્કા ખાઈ રહ્યો છે, ત્યારે જવાબદાર કોણ? શું બેંક આ નુકસાનની ભરપાઈ કરશે? કે પછી કાયદાકીય ગૂંચવણોમાં ગ્રાહકને પીસાવા માટે છોડી દેવામાં આવશે? આ લાલિયાવાડી અને સુરક્ષામાં ભયાનક ચૂક બદલ કોસ્મોસ બેંક સામે કડક દંડનાત્મક પગલાં લેવાવા જોઈએ.



**વડોદરાની કોસ્મોસ બેંકમાં ગ્રાહકોની મૂડી રામ ભરોસે છે. વાઘોડિયા રોડ પરની આ બેંકના લોકરમાંથી ૩૫ તોલા સોનું રહસ્યમય રીતે ગાયબ થઈ ગયું છે. દીકરીના લગ્ન પ્રસંગે જ પરિવાર પાયમાલ થયો છે, જ્યારે બેંક સત્તાધીશો મૌન સેવી રહ્યા છે.**

# બનાસ ડેરી સામે ૨૦ દિવસથી વાવના યુવકના આંદોલનથી ભારે ચકચાર

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા પંથકમાં બનાસ ડેરીના વહીવટને લઈને વિવાદ ઉભો થયો છે. વાવ તાલુકાના અસારા ગામના રહેવાસી રમેશભાઈ રાજપૂતે ડેરી તંત્ર અને ચેરમેન વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે આંદોલન શરૂ કર્યું છે. રમેશભાઈ છેલ્લા ૨૦ દિવસથી પશુપાલકોના વિવિધ પ્રશ્નોને લઈને ઉપવાસ પર બેઠા છે. તેમનો સૌથી મોટો મુદ્દો મંડળીમાં સભાસદ પદનો છે. રમેશભાઈના મતે, મંડળીઓ દરેક પશુપાલકની હોવી જોઈએ, પરંતુ હાલમાં અમુક મળતિયાઓને જ સભાસદ બનાવીને નાના પશુપાલકોને હકથી વંચિત રાખવામાં આવે છે. આ આંદોલન દ્વારા તેમણે બનાસ ડેરીમાં ૩૦૦ જેટલા યુવાનોની પારદર્શક ભરતી કરવાની પણ માંગ કરી છે, જેમાં પછાત અને આદિવાસી વર્ગને વિશેષ મહત્વ અપાય. વધુમાં, બનાસ ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં એસ.સી. અને એસ.ટી. સમુદાય માટે એક-એક સીટ અનામત રાખવાની રજૂઆત કરવામાં આવી છે. રમેશભાઈએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી બનાસ ડેરીના છેલ્લા ૧૦ વર્ષના વહીવટની નિષ્પક્ષ તપાસ નહીં થાય અને તમામ પશુપાલકોને સભાસદ બનાવવાનો નિર્ણય નહીં લેવાય, ત્યાં સુધી તેમનું આંદોલન ચાલુ રહેશે. આ આંદોલનને પગલે બનાસકાંઠાના સહકારી રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

**રિપોટ ભાનુભાઈ પરમાર**




**બનાસ ડેરીમાં ગેરરીતિના આક્ષેપ સાથે વાવના અસારા ગામના રમેશભાઈ રાજપૂત છેલ્લા ૨૦ દિવસથી આંદોલન પર છે. તેમની મુખ્ય માંગણી તમામ પશુપાલકોને મંડળીના સભાસદ બનાવવા, એસ.સી.-એસ.ટી. માટે બેઠકો અનામત રાખવી અને છેલ્લા ૧૦ વર્ષની તપાસ કરાવવાની છે.**




## પોશીના પોલીસે ચોરીની બાઇક સાથે રાજસ્થાની ઝડપ્યો

પોશીના પોલીસ સ્ટેશનની ટીમે આંતરરાજ્ય મોટરસાયકલ ચોરીના ગુનામાં સંડોવાયેલા એક આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડ્યો છે. પોલીસ ઇન્સ્પેક્ટર ડી.એન. સાધુ અને પી.એસ.આઈ. આર.કે. ગજ્જરના માર્ગદર્શન હેઠળ ટીમ જ્યારે પનારી નદીના પુલ પાસે વાહન ચેકિંગમાં હતી, ત્યારે રાજસ્થાનના જોગીવર ગામનો મુકેશ ખૈર બાઇક સાથે પસાર થતા તેને અટકાવવામાં આવ્યો હતો. આરોપી પાસે રહેલી હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ (નંબર RJ-27-CQ-3329) ના કાગળો માંગતા તે સંતોષકારક જવાબ આપી શક્યો નહોતો. પોલીસે એન્જિન અને ચેસીસ નંબરના આધારે ટેકનિકલ તપાસ હાથ ધરતા માલૂમ પડ્યું હતું કે આ બાઇક રાજસ્થાનના પીંડવાડા વિસ્તારમાંથી ચાર વર્ષ અગાઉ ચોરાઈ હતી. પોલીસે ૨૫ હજારની કિંમતનું વાહન જપ્ત કરી રાજસ્થાન પોલીસને પણ આ અંગે જાણ કરી છે. **રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**

## પોશીનામાં ૭ વર્ષની બાળકીની ક્રૂર હત્યા બદલ બેને આજીવન કેદ

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં ૨૫ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ બનેલી હૃદયદ્રાવક ઘટનામાં ન્યાય મળ્યો છે. લૂંટના ઈરાદે ઘરમાં ઘૂસેલા બે શખ્સોએ ૭ વર્ષની માસૂમ બાળકી જાગી જતાં તેની ઘાતકી હત્યા કરી હતી. આ કેસમાં ઈડરની એડિશનલ સેસન્સ કોર્ટે આરોપી લક્ષ્મણભાઇ બુંબડીયા અને રાજુભાઇ ખોખરીયાને કસૂરવાર ઠેરવી અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા ફટકારી છે. ઘટના મુજબ, આરોપીઓ માત્ર ૯,૫૦૦ રૂપિયાની ચોરી કરવા માટે છોછર ગામના મીરાભાઈ ગમારના ઘરમાં ઘૂસ્યા હતા. આ સમયે તેમની દીકરી સુરખા જાગી જતાં આરોપીઓએ છરી વડે તેનું ગળું કાપી નાખ્યું હતું. પોલીસ અધિકારી સ્મિત ગોહિલના માર્ગદર્શન હેઠળ તપાસ ટીમે વૈજ્ઞાનિક અને મજબૂત પુરાવા રજૂ કર્યા હતા. કોર્ટે દંડની રકમમાંથી ૧ લાખ રૂપિયા વળતર તરીકે ભોગ બનનાર પરિવારને આપવા જણાવ્યું છે. આ ચુકાદાથી માસૂમ બાળકીના પરિવારને ન્યાય મળ્યો છે. **રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**

## લીલીયાના નાના કણકોટમાં રોજનો હુમલો, યુવક ઈજાગ્રસ્ત


અમરેલીના લીલીયા તાલુકાના નાના કણકોટમાં જંગલી રોજના આતંકથી તંત્રની પોકળ વાતોની પોલ ખુલી ગઈ છે. વન વિભાગની ઢીલી નીતિને કારણે હવે જંગલી પ્રાણીઓ ખેતરો છોડી માનવ વસ્તી નજીક હુમલા કરવા લાગ્યા છે. નાના કણકોટમાં રોજ દ્વારા કરવામાં આવેલા જીવલેણ હુમલામાં એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે. સ્થાનિકોમાં વન વિભાગ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે વન વિભાગના અધિકારીઓ માત્ર એસી ઓફિસોમાં બેસી રહે છે અને જ્યારે કોઈ મોટી દુર્ઘટના બને ત્યારે જ સ્થળ પર પહોંચવાનું નાટક કરે છે. ખેતી અને પશુપાલન પર નભતા આ વિસ્તારમાં હવે દિવસે બહાર નીકળવું પણ જોખમી બન્યું છે. જો વન વિભાગ આ આતંકી રોજને વહેલી તકે પાંજરે નહીં પૂરે, તો ગ્રામજનો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી રહ્યા છે. **રિપોર્ટ : મનીષ રામાણી**




# સાબરકાંઠા DDO સામે સત્તાનો દુરુપયોગ કરી ભ્રષ્ટાચારની ACBમાં ફરિયાદ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લામાં વહીવટી ગેરરીતિઓ અને ભ્રષ્ટાચારને લઈને મોટો હોબાળો મચ્યો છે. વિજયનગરના પરવઠ ગામના રહીશ યશકુમાર કોટવાલે જિલ્લા વિકાસ અધિકારી (DDO) સામે સત્તાના દુરુપયોગ અને નાણાકીય ઉચાપતમાં સંડોવણીના ગંભીર આક્ષેપ કરતી ફરિયાદ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને ACB ગુજરાતને પાઠવી છે.

ફરિયાદીના જણાવ્યા મુજબ, વિજયનગર તાલુકાની સરકારી કચેરીઓમાં ચાલી રહેલા કૌભાંડોની વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ પરિણામ આવ્યું નથી. કારણ કે, તપાસની જવાબદારી જેમને સોંપાય છે તેઓ જ આર્થિક લેતી-દેતી કરીને ભ્રષ્ટ અધિકારીઓને બચાવી લે છે. DDO પર આક્ષેપ છે કે તેઓ જાણી જોઈને ખોટા રોજકામ ઊભા કરે છે જેથી જુનિયર અધિકારીઓના પાપ છુપાવી શકાય. પત્રમાં એવો પણ ઉલ્લેખ છે કે છેલ્લા એક મહિનાથી આપેલી અરજીઓમાં પણ તપાસની રીત શંકાસ્પદ છે અને તે માત્ર કૌભાંડીઓને બચાવવા માટેનું કાવતરું છે. અરજદારે તાજેતરમાં બનેલી ઘટનાઓના પુરાવા બિડાણ કરી, જવાબદાર અધિકારીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ કરવાની માંગ કરી છે. આ પ્રકરણને કારણે સાબરકાંઠા જિલ્લા પંચાયતના આંતરિક વર્તુળોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.



**સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના યશકુમાર કોટવાલે રાજ્ય સરકાર અને ACB ડાયરેક્ટરને પત્ર પાઠવી જિલ્લા વિકાસ અધિકારી (DDO) વિરુદ્ધ ગંભીર આક્ષેપો કર્યા છે. ફરિયાદમાં જણાવાયું છે કે, છેલ્લા ત્રણ વર્ષથી તાલુકા પંચાયત અને સિંચાઈ વિભાગમાં થયેલા કરોડોના કૌભાંડોની તપાસ DDO દ્વારા જ ભીની સંકેલી લેવામાં આવે છે. અધિકારીઓ નાણાંની લેતી-દેતી કરી ખોટા રોજકામ બનાવીને જુનિયર કર્મચારીઓને બચાવતા હોવાનો આક્ષેપ કરાયો છે. અરજદારે સમગ્ર મામલે તટસ્થ એસીબી તપાસની માંગ કરી છે. રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**

# સાબરકાંઠામાં છેતરપિંડી, દુષ્કર્મ અને હુમલાના સાત ગંભીર ગુના નોંધાયા

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લામાં વિવિધ પોલીસ મથકોમાં સાત જેટલા ગંભીર ગુનાઓ નોંધાતા ખળભળાટ મચી ગયો છે. મુખ્યત્વે છેતરપિંડીના બે મોટા કિસ્સા સામે આવ્યા છે, જેમાં વિદેશ જવાની લાલચમાં ૨૯ લાખથી વધુ અને રોકાણના નામે ૫૨ લાખથી વધુની રકમ હડપ કરી લેવામાં આવી છે. સાયબર ક્રાઈમ પોલીસે ફેસબુક અને વોટ્સએપ ગ્રુપના એડમિન વિરુદ્ધ તપાસ તેજ કરી છે.

સામાજિક ગુનાઓની વાત કરીએ તો, ખેરોજમાં એક સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈ તેની પર બળાત્કાર ગુજારનાર આરોપી સામે પોક્સો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. તલોદમાં પતિના માનસિક ત્રાસથી કંટાળી પત્નીએ ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાની ઘટના પણ પોલીસ ચોપડે નોંધાઈ છે. પ્રાંતિજ વિસ્તારમાં ત્રણ અલગ-અલગ ગુનાઓ નોંધાયા છે, જેમાં પડોશીઓ વચ્ચેની માથાકૂટ, હાઇવે પર સર્જાયેલ અકસ્માત અને અજાણ્યા નંબરો પરથી મળેલ જાનથી મારી નાખવાની ધમકીનો સમાવેશ થાય છે. જિલ્લા પોલીસ દ્વારા આ તમામ કેસોમાં આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. ખાસ કરીને આર્થિક છેતરપિંડીના કેસોમાં ટેકનિકલ સર્વેલન્સની મદદ લેવામાં આવી રહી છે.




રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર

**સાબરકાંઠા જિલ્લામાં છેતરપિંડી, દુષ્કર્મ અને હુમલાના ૭ ગંભીર ગુનાઓ નોંધાયા છે. સાયબર ક્રાઈમમાં USA વિઝાના નામે ૨૯ લાખ અને ખેડબ્રહ્મામાં રોકાણના નામે ૫૨ લાખની છેતરપિંડી થઈ છે, જ્યારે પોક્સો અને ઘરેલું હિંસાના કેસ પણ પોલીસ ચોપડે ચડ્યા છે.**

# ગંગા સ્વરૂપા યોજના: હવે પોસ્ટ પેમેન્ટ બેંક મારફતે સીધી સહાય મહિલાઓના ખાતામાં જમા થશે

## વિધવા સહાય યોજના: IPPB ખાતા ખોલવા પોસ્ટ વિભાગનું વિશેષ અભિયાન

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત સરકારની 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' (વિધવા નાણાકીય સહાય) હેઠળ લાભ મેળવતી મહિલાઓ માટે હવે નાણાં મેળવવાની પ્રક્રિયા વધુ ડિજિટલ અને પારદર્શક બનવા જઈ રહી છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવની જાહેરાત મુજબ, ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના સાત જિલ્લાઓમાં 14 ફેબ્રુઆરી થી 20 ફેબ્રુઆરી સુધી એક વિશેષ અભિયાન હાથ ધરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત અંદાજે 1.47 લાખથી વધુ લાભાર્થી મહિલાઓના ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB) માં ખાતા ખોલવામાં આવશે.

અત્યાર સુધી જે મહિલાઓ પરંપરાગત પોસ્ટ ઓફિસ બચત ખાતા દ્વારા સહાય મેળવતી હતી, તેમને હવે IPPB ખાતામાં સીધી ડીબીટી (Direct Benefit Transfer) મારફતે રકમ મળશે. આ ખાતાની વિશેષતા એ છે કે તે શૂન્ય બેલેન્સથી ખોલી શકાય છે. ઉપરાંત, ગ્રામિણ વિસ્તારોમાં રહેતી મહિલાઓએ પૈસા ઉપાડવા માટે ક્યાંય જવું પડશે નહીં; પોસ્ટમેન તેમના ઘરે આવીને જ રોકડ રકમ ચૂકવી શકશે. આ સુવિધા મહિલાઓને આત્મનિર્ભર બનાવવાની દિશામાં મોટું પગલું માનવામાં આવે છે. આ અભિયાન અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લામાં તેજ ગતિએ ચલાવવામાં આવશે. ખાતું ખોલાવવા માટે લાભાર્થીએ પોતાનું આધાર કાર્ડ, તેની સાથે લિંક કરેલ મોબાઈલ નંબર અને જૂના બચત ખાતાની પાસબુક રજૂ કરવાની રહેશે. જે મહિલાઓ પાસે પહેલેથી જ IPPB ખાતું છે, તેમણે માત્ર તે ખાતામાં 'આધાર સીડિંગ' કરાવવાનું રહેશે જેથી સરકારી સહાયની રકમ તે ખાતામાં જમા થઈ શકે.

બનાસકાંઠા મંડળના અધિક્ષક શ્રી આર. એ. ગોસ્વામીએ વિગતો આપતા જણાવ્યું હતું કે એકલા બનાસકાંઠામાં જ 21,378 લાભાર્થીઓ આ સુવિધા હેઠળ આવરી લેવાશે. જો કોઈ લાભાર્થીને આ પ્રક્રિયામાં મુશ્કેલી પડે તો તંત્ર દ્વારા હેલ્પલાઇન નંબર 9588035800 પણ જાહેર કરવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થાથી ભ્રષ્ટાચાર પર અંકુશ આવશે અને જરૂરિયાતમંદ મહિલાઓ સમયસર સહાય મેળવી શકશે.




**ગુજરાત સરકારની 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' (WFA) હેઠળ હવે લાભાર્થીઓને સહાય મેળવવી વધુ સરળ બનશે. પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ઉત્તર ગુજરાતના સાત જિલ્લાઓમાં 14 થી 20 ફેબ્રુઆરી સુધી વિશેષ અભિયાન ચલાવી લાભાર્થીઓના આધાર-સીડેડ IPPB ખાતા ખોલવામાં આવશે. આ ખાતા શૂન્ય બેલેન્સથી ખુલશે અને પોસ્ટમેન દ્વારા ઘરબેઠાં પૈસા ઉપાડવાની સુવિધા પણ મળશે. બનાસકાંઠામાં 21,378 સહિત કુલ 1.47 લાખથી વધુ લાભાર્થીઓને આ નવી વ્યવસ્થાનો સીધો લાભ મળશે.**

# કાણોદર પોષણ સંગમ: બાળકોને સુવર્ણપ્રાશન અને પોષણ કિટનું વિતરણ

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લાના કાણોદર ગામમાં બાળકોમાં કુપોષણ દૂર કરવાના લક્ષ્યાંક સાથે 'પોષણ સંગમ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પાલનપુર-૧ ઘટક દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ૧૩ આંગણવાડી કેન્દ્રોના બાળકો અને તેમના વાલીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ બાળકોના સ્વાસ્થ્યની તપાસ માટે વિશેષ કેમ્પ યોજાયો હતો. બાળ રોગ નિષ્ણાત ડો. અંજુમ હસન દ્વારા કરવામાં આવેલી તપાસમાં કુપોષિત અને ઓછું વજન ધરાવતા બાળકોને ચિહ્નિત કરી તેમને તાત્કાલિક સારવાર અને સુવર્ણપ્રાશનના ટીપાં આપવામાં આવ્યા હતા. પોષણ સહાય તરીકે 'મહિલા કલ્યાણ-નિધિ ટ્રસ્ટ, કાણોદર' અને 'પરીખ ફાઉન્ડેશન, મુંબઈ'ના સૌજન્યથી પ્રોટીન પાવડર, કેલ્શિયમ અને આયર્ન સીરપ ધરાવતી કિટનું વિતરણ કરાયું હતું. આ પહેલથી બાળકોના પોષણ સ્તરમાં સુધારો આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. તંત્ર દ્વારા આ પ્રસંગે વાલીઓને આરોગ્ય શિક્ષણ (HNE) પણ આપવામાં આવ્યું હતું. જેમાં હૃદય રોગ જેવી ગંભીર બીમારીઓ માટે સરકારની નિ:શુલ્ક સારવાર યોજનાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. સી.ડી.પી.ઓ. ડીમ્પલ પંચાલ, મુખ્ય સેવિકા અને આશા વર્કર બહેનોના સક્રિય સહયોગથી આયોજિત આ કાર્યક્રમ કાણોદરના બાળકોના આરોગ્ય માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે.






**નિમણૂક અભિનંદન સંદેશ**

અમરેલી જિલ્લા ભાજપના નવનિયુક્ત ઉપપ્રમુખ તરીકે નિયુક્ત થયેલ
શ્રીમતી ગીતાબેન પ્રકાશભાઈ કારિયા (ચલાલા) ને હાર્દિક અભિનંદન અને અનંત શુભેચ્છાઓ.
આપના સશક્ત નેતૃત્વ, કાર્યનિષ્ઠા અને સમર્પણથી સંગઠન વધુ મજબૂત બને તેમજ
લોકસેવાના કાર્યોમાં આપ સતત નવા શિખરો સર કરો તેવી ઈશ્વર પાસે પ્રાર્થના.
આપનું કાર્ય સમાજ માટે પ્રેરણારૂપ બને તેવી શુભકામનાઓ.

**શુભેચ્છક:**

દૈનિક પલ્સ સમાચાર પરિવાર, હાર્દિક ચંદારાણા & ચંદારાણા ફેમિલી
(રીટાબેન, જયશ્રીબેન, ગાયત્રીબેન, લત્તાબેન, ગુણવતીબેન તથા સમગ્ર પરિવાર)

# ગઢડામાં દબાણ હટાવતા મહિલાઓ અને પોલીસ વચ્ચે ઘષણ

**દૈનિક પલ્સ સમાચાર:** ગઢડાના ઐતિહાસિક જૂના સ્વામિનારાયણ મંદિર પાસે આવેલી સાંકડી શેરીમાં નગરપાલિકા દ્વારા દબાણ હટાવવાની વ્યાપક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જે દરમિયાન ભારે હોબાળો મચ્યો હતો. મામલતદાર અને અન્ય ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં શરૂ થયેલી આ ઝુંબેશમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત છતાં સ્થાનિકોનો રોષ ફાટી નીકળ્યો હતો. ખાસ કરીને દબાણ દૂર કરતી વખતે સ્થળ પર હાજર મહિલાઓ અને મહિલા પોલીસ કર્મચારીઓ વચ્ચે ઉગ્ર ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. મહિલા પોલીસે બહેનોને રસ્તા પરથી ખસેડવાનો પ્રયાસ કરતા મામલો બિચક્યો હતો.

નગરપાલિકાના ચીફ ઓફિસર ડી.જી. પ્રજાપતિએ આ કાર્યવાહીનો બચાવ કરતા જણાવ્યું હતું કે, સાંકડી શેરીમાં ગેરકાયદેસર ઓટલાઓને કારણે ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાતી હતી. એમ્બ્યુલન્સ કે ફાયર ફાઈટર જેવા ઈમરજન્સી વાહનો માટે રસ્તો ન હોવાથી જાહેર સુરક્ષાને ધ્યાને રાખી આ ડેમોલિશન કરવામાં આવ્યું છે.

બીજી તરફ, આ મુદ્દે કોંગ્રેસે તંત્રની કામગીરી સામે લાલ આંખ કરી છે. વિપક્ષ નેતા મીત ડાંગરે આક્ષેપ કર્યો હતો કે તંત્રએ માત્ર એક દિવસ અગાઉ નોટિસ આપીને તાબડતોબ કાર્યવાહી કરી છે, જે માનવતાની દ્રષ્ટિએ ખોટું છે. તેમણે ચેતવણી આપી છે કે જો યોગ્ય નિરાકરણ નહીં આવે તો કોંગ્રેસ આંદોલન કરશે. સાખ્યયોગી બહેનોએ પણ તંત્ર પર પક્ષપાતનો આક્ષેપ કરતા કહ્યું કે, ગામમાં અનેક જગ્યાએ મોટા દબાણો હોવા છતાં માત્ર આ વિસ્તારના રહેવાસીઓને હેરાન કરવામાં આવી રહ્યા છે. સાત દિવસની મહેતલ માંગવા છતાં તંત્રએ કોઈ વાત સાંભળી નહોતી. આમ, ભારે પોલીસ રક્ષણ અને વિરોધ પ્રદર્શન વચ્ચે ગઢડામાં દબાણ હટાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.







# વડાલી: ખેરોજ પોલીસના ગુનામાં નાસતા ફરતા બે આરોપીઓ પકડાયા

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠામાં વડાલી પોલીસને નાસતા ફરતા આરોપીઓને પકડવામાં મોટી સફળતા સાંપડી છે. વડાલી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ નરેશભાઈને મળેલી ખાનગી બાતમીના આધારે ખેરોજ પોલીસ સ્ટેશનના ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. આ બંને આરોપીઓ છેલ્લા ચાર વર્ષથી પોલીસ પકડથી દૂર ભાગતા ફરતા હતા. બાતમીના આધારે પોલીસ ટીમ ધરોઈ ત્રણ રસ્તા ખાતે પહોંચી હતી, જ્યાં વર્ણન મુજબના બે ઇસમો શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે જ્યારે તેમની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી ત્યારે જાણવા મળ્યું કે, આરોપી માવાભાઈ ચુનિયાભાઈ ખોખરીયા અને રાણાભાઇ છગનભાઈ ગમાર (રહે. ઉદયપુર, રાજસ્થાન) ખેરોજ પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં વોન્ટેડ છે. આરોપીઓની સઘન પૂછપરછમાં તેમણે પોતાની સંડોવણી સ્વીકારી લીધી હતી. વડાલી પોલીસે બંને આરોપીઓને અટકાયતમાં લઈ આગળની તપાસ અર્થે ખેરોજ પોલીસને જાણ કરી છે. પીએસઆઈ કે.એલ. જાડેજાની રાહબરી હેઠળ સ્ટાફ દ્વારા કરવામાં આવેલી આ સફળ કામગીરીને પગલે છેલ્લા ઘણા સમયથી વણઉકેલાયેલા કેસમાં કડી મળી છે. વડાલી પોલીસે ગુનેગારોને પકડી પાડી કાયદેસરની પ્રક્રિયા હાથ ધરી છે.




**વડાલી પોલીસે ખેરોજ પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા બે આરોપીઓને ધરોઈ ત્રણ રસ્તા પાસેથી ઝડપી પાડ્યા છે. પકડાયેલા બંને આરોપીઓ રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના રહેવાસી છે, જેમને આગળની કાર્યવાહી માટે ખેરોજ પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરાઈ છે. રિપોર્ટ : વિશાલ ચૌહાણ**

# રાજકોટ: કાગળ પર રહી ગઈ રામનાથ મહાદેવ મંદિર જીર્ણોદ્ધાર યોજના

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટના ઐતિહાસિક વારસા સમાન રામનાથ મહાદેવ મંદિરની પવિત્રતા જાળવવા અને આજી રિવરફ્રન્ટને વેગ આપવાની યોજના હાલ તો રામભરોસે દેખાઈ રહી છે. 400 વર્ષથી લાખો લોકોની શ્રદ્ધાના કેન્દ્ર એવા આ મંદિરના રિડેવલપમેન્ટ માટે વર્ષો પહેલા કરાયેલી જાહેરાત માત્ર કાગળ પરની કસરત બનીને રહી ગઈ છે. રાજકોટ મહાનગરપાલિકામાં વર્ષોથી ભાજપનું શાસન હોવા છતાં અને રાજ્ય સરકારનો પૂરો આર્થિક સહયોગ હોવા છતાં આ પ્રોજેક્ટ સાકાર થવાનું નામ લેતો નથી.

રાજ્ય સરકારે આ પ્રોજેક્ટ માટે 171.95 કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી અને શરૂઆતના તબક્કા માટે 17.8 કરોડની ગ્રાન્ટ પણ ફાળવી હતી. યોજના મુજબ, રામનાથ મંદિરની આસપાસનો વિસ્તાર ઊંચો લેવાનો હતો જેથી નદીના પૂરના પાણી મંદિરમાં ન ઘૂસે. અહીં સુંદર ઘાટ, વોક-વે અને બે સ્તરના રસ્તાઓ બનાવવાનું આયોજન હતું. નીચલો રસ્તો હરવા-ફરવા માટે અને ઉપરનો રસ્તો ટ્રાફિકની અવરજવર માટે ઉપયોગી થાય તેવું કધસલ્ટન્ટ દ્વારા ડિઝાઈન કરાયું હતું. આજી નદીમાં પાણી ટકાવી રાખવા ચેકડેમ અને પાણી શુદ્ધ કરવા માટે ફિલ્ટર પ્લાન્ટ માટે પણ કરોડોના ખર્ચનો અંદાજ હતો.

પરંતુ વાસ્તવિક સ્થિતિ એ છે કે દબાણો અને વહીવટી મંજૂરીઓના ચક્રવ્યુહમાં આ યોજના અટવાઈ ગઈ છે. મનપાના વર્તમાન બજેટમાં પણ આ માટે કોઈ અલગ મોટી જોગવાઈ કરવામાં આવી નથી. ચાર વર્ષ પહેલા 'આગવી ઓળખ' હેઠળ ગ્રાન્ટ મળી હતી, જેમાંથી માત્ર ડ્રેનેજ લાઈનના કામ થયા પણ મંદિર પરિસરની સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. શાસકો દ્વારા દર વર્ષે પ્રોજેક્ટ શરૂ થવાની તારીખો અપાય છે, પરંતુ વધુ એક ચોમાસું નજીક છે ત્યારે મંદિરની ગરિમા જળવાય તેવો પ્રોજેક્ટ પૂરો થવાના કોઈ એંધાણ દેખાતા નથી. લાખો ભક્તોની આસ્થા સાથે જોડાયેલા આ પ્રોજેક્ટમાં તંત્ર ક્યારે ગંભીરતા દાખવશે તે એક મોટો પ્રશ્ન છે.



# ભરૂચ જિલ્લા ભાજપમાં આંતરિક ખેંચતાણ વચ્ચે સંગઠન રચનામાં ભારે વિલંબ

## ભરૂચ ભાજપ સંગઠનમાં જૂથવાદ: શું નવા જિલ્લા પ્રમુખની વરણી થશે?

**દૈનિક પલ્સ સમાચાર:** સામાન્ય રીતે ભાજપમાં સંગઠનની પ્રક્રિયા સમયબદ્ધ રીતે પૂર્ણ થતી હોય છે, પરંતુ ભરૂચ જિલ્લા ભાજપમાં સ્થિતિ ઉલટી જોવા મળી રહી છે. છેલ્લા ત્રણ મહિનાથી સંગઠન માળખાની રચના અટવાયેલી પડી છે, જેની પાછળનું મુખ્ય કારણ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી સામેનો આંતરિક વિરોધ હોવાનું મનાય છે. ભરૂચ જિલ્લા ભાજપમાં જૂથવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે, જેની અસર સંગઠનની રચના પર સ્પષ્ટ દેખાઈ રહી છે.

સેન્સ પ્રક્રિયામાં અનેક કાર્યકરો અને આગેવાનોએ વર્તમાન નેતૃત્વ સામે પોતાની નારાજગી વ્યક્ત કરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ દરમિયાન સંગઠનના 20 જેટલા ચાવીરૂપ હોદ્દાઓ પર કોને બેસાડવા, તે માટે વિવિધ સ્તરે ખેંચતાણ ચાલી રહી છે. દરેક મોટું માથું પોતાના માનીતાઓને હોદ્દા અપાવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યું છે, જેના કારણે જિલ્લા સંગઠનની જાહેરાત કરવામાં પ્રદેશ નેતૃત્વને પણ મુશ્કેલી પડી રહી છે.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું પ્રકાશ મોદી પોતાની ખુરશી બચાવવામાં સફળ રહેશે કે પછી ભાજપ નવો ચહેરો લાવશે? રાજકીય પંડિતોના મતે, જો નેતૃત્વ પરિવર્તન થાય તો બક્ષીપંચ કાર્ડ ખેલવામાં આવી શકે છે. ભરૂચ જિલ્લાના જ્ઞાતિ સમીકરણોને જોતા બક્ષીપંચ સમાજના કોઈ નેતાને કમાન સોંપાય તેવી પ્રબળ શક્યતા છે. જોકે, પક્ષના જૂના અને વફાદાર કાર્યકરોમાં એવી પણ અપેક્ષા છે કે જ્ઞાતિવાદને બદલે સંગઠન માટે રાત-દિવસ એક કરનારા સનિષ્ઠ કાર્યકરને તક મળે.

પ્રકાશ મોદીના સ્થાને નવા પ્રમુખ કોણ બનશે તેને લઈને અત્યારથી જ ભાજપના આંતરિક વર્તુળોમાં લોબિંગ અને ખેંચતાણ પરાકાષ્ઠાએ છે. એક તરફ સંગઠન મજબૂત હોવાનો દાવો કરાઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ આટલા લાંબા સમય સુધી સંગઠનની જાહેરાત ન થવી એ કાર્યકરોમાં મૂંઝવણ અને હતાશા જન્માવી રહ્યું છે. હવે જોવાનું એ રહે છે કે પ્રદેશ પ્રમુખ અને હાઈકમાન્ડ ભરૂચ ભાજપના આ આંતરિક ડખ્ખાને શાંત કરવા માટે કેવા અને ક્યારે કડક નિર્ણયો લે છે.


રિપોર્ટ : શૈલેષ સોલંકી

**ભરૂચ જિલ્લા ભાજપમાં હાલ 'બધું ઠીક' નથી. સંગઠનની રચના માટે સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયાને ત્રણ મહિના વીતવા છતાં માળખું જાહેર થયું નથી. આ વિલંબ પાછળ જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદી સામેનો આંતરિક વિરોધ અને જૂથવાદ જવાબદાર હોવાનું મનાય છે. 20 જેટલા હોદ્દાઓ પર પોતાના માનીતાઓને ગોઠવવા માટે નેતાઓ વચ્ચે ભારે ખેંચતાણ ચાલી રહી છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે જો પ્રકાશ મોદી બદલાશે, તો તેમના સ્થાને બક્ષીપંચના કોઈ નેતા અથવા જ્ઞાતિ સમીકરણ મુજબ કોઈ સનિષ્ઠ કાર્યકરને તક મળી શકે છે.**

# પ્રિન્ટ ડિઝાઈન એવોર્ડ્સ 2026: અમદાવાદમાં કલા અને ટેકનોલોજીનો સંગમ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના આંગણે ડિઝાઇન અને પ્રિન્ટ ઉદ્યોગનો સૌથી પ્રતિષ્ઠિત ગણાતો 'પ્રિન્ટ ડિઝાઈન એવોર્ડ્સ 2026' પોતાની ચોથી સીઝન સાથે પરત ફરી રહ્યો છે. આગામી 1 માર્ચ 2026ના રોજ સિંધુભવન રોડ પરની આધુનિક તાજ સ્કાયટાઈલ હોટલ ખાતે આ ગૌરવ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ માત્ર એવોર્ડ વિતરણ પૂરતો મર્યાદિત ન રહેતા, ડિઝાઇનર્સ, પ્રિન્ટર્સ, બ્રાન્ડ કસ્ટોડિયન્સ અને ક્રિએટિવ લીડર્સ માટે વિચાર-વિમર્શનું એક મહત્ત્વનું પ્લેટફોર્મ બનશે.

સાંજે 5:00 વાગ્યાથી શરૂ થનારા આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રો જેવા કે પેકેજિંગ, ઓફસેટ, વેબ ઓફસેટ, ડિજિટલ પ્રિન્ટિંગ અને ગ્રાફિક ડિઝાઇનમાં અસાધારણ કાર્ય કરનારા કલાકારોને સન્માનિત કરવામાં આવશે. આ વર્ષે કુલ 300થી વધુ નામાંકનો મળ્યા છે, જે ઉદ્યોગમાં વધી રહેલી સ્પર્ધા અને ગુણવત્તાનો પુરાવો છે. વિશેષ કરીને, મહિલા ઉદ્યોગસાહસિકોને સન્માનિત કરવા માટેની કેટેગરી ઉદ્યોગમાં સમાન તકો અને મહિલા સશક્તિકરણને વેગ આપશે. આયોજક નયન રાવલ અને પલ્લવ શાહ, જેઓ આ ક્ષેત્રમાં 20 વર્ષથી વધુનો બહોળો અનુભવ ધરાવે છે, તેઓ ભારતીય પ્રિન્ટિંગ ઉદ્યોગને 40થી વધુ દેશોના વૈશ્વિક સ્તરે લઈ જવા માટે પ્રયત્નશીલ છે. કાર્યક્રમ દરમિયાન મુલાકાતીઓ અદ્યતન પ્રિન્ટ ટેકનોલોજીના લાઈવ ડેમો નિહાળી શકશે, જે માટે ખાસ ઈન્ડોર એક્ઝિબિશન સ્ટોલ્સની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ભારતભરમાંથી 100થી વધુ ડેલીગેટ્સ, કોર્પોરેટ પ્રોફેશનલ્સ અને સરકારી ઉચ્ચ અધિકારીઓ હાજરી આપી ઉદ્યોગની નવી દિશાઓ વિશે ચર્ચા કરશે.

આયોજકો દ્વારા મીડિયા કર્મીઓને પણ આ ભવ્ય સમારોહના કવરેજ માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ એવોર્ડ્સ સમારોહ ગુજરાતના પ્રિન્ટિંગ જગતમાં એક સીમાચિહ્ન રૂપ સાબિત થશે, જે ટેકનોલોજી અને કલાના સમન્વય દ્વારા નવા વ્યાપારી સંબંધો સ્થાપિત કરવામાં મદદરૂપ થશે.

**રિપોર્ટ : ભાવેશ રાઠોડ**

**અમદાવાદના સિંધુભવન રોડ પર આવેલી તાજ સ્કાયટાઈલ ખાતે 1 માર્ચ 2026ના રોજ 'પ્રિન્ટ ડિઝાઈન એવોર્ડ્સ'ની ચોથી સીઝન યોજાશે. આ ભવ્ય સમારોહમાં દેશભરમાંથી ડિઝાઇન અને પ્રિન્ટ ઉદ્યોગના નિષ્ણાતો ઉદ્યોગની શ્રેષ્ઠતા અને સર્જનાત્મકતાનું સન્માન કરવા એકત્રિત થશે.**




# રાજકોટ: મિનરલ વોટરના 75% સેમ્પલ ફેઈલ, 53 પ્લાન્ટ સીલ


**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં પીવાના પાણીના વેપારમાં ચાલતી ઘોર બેદરકારી મનપાના દરોડામાં છતી થઈ છે. મિનરલ વોટરના નામે વેચાતા પાણીના જગ અને કેરબાઓ વાસ્તવમાં શુદ્ધ હોવાને બદલે બીમારીઓનું ઘર હોવાનું સામે આવ્યું છે. આરોગ્ય વિભાગે શહેરના વિવિધ વિસ્તારોમાંથી 91 પાણીના નમૂના લીધા હતા, જેનું પરીક્ષણ કરતા માત્ર 9 સેમ્પલ જ એક્સેલન્ટ એટલે કે શ્રેષ્ઠ જણાયા છે. બાકીના 71 નમૂના શંકાસ્પદ અને બિનઆરોગ્યપ્રદ સાબિત થયા છે, જે શહેરની 75 ટકા વસ્તી માટે ચિંતાનો વિષય છે.

આરોગ્ય વિભાગે અત્યાર સુધીમાં 53 જેટલા યુનિટોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. જોકે, તંત્ર માટે સૌથી મોટો પડકાર એ છે કે ઘણા વિસ્તારોમાં ગૃહ ઉદ્યોગની જેમ નળ કે બોરવેલના પાણી સીધા જ બોટલોમાં ભરી દેવાય છે. આવા બિનનોંધાયેલા એકમો સામે સીલ મારવા સિવાય તંત્ર પાસે વિશેષ સત્તા નથી. ઘણીવાર એક જગ્યા સીલ થયા બાદ વિક્રેતાઓ અન્ય સ્થળે આ જ ધંધો શરૂ કરી દેતા હોવાનું પણ ભૂતકાળમાં જોવા મળ્યું છે.

આરોગ્ય અધિકારી ડો. જયેશ વકાણીએ કડક સૂચના આપી છે કે પ્લાન્ટ ધારકોએ દર ત્રણ મહિને બોરવેલના પાણીનો રિપોર્ટ કરાવવો અને દર મહિને પ્લાન્ટનું મેન્ટેનન્સ કરવું અનિવાર્ય છે. પાણીમાં 3 પીપીએમ સુપર ક્લોરીનેશન હોવું જોઈએ. એમપીએન (MPN) કાઉન્ટમાં જો કોલીફોર્મ કાઉન્ટ 100 એમએલ દીઠ શૂન્ય હોય તો જ તેને સલામત ગણી શકાય. રિપોર્ટમાં 10 થી વધુ કાઉન્ટ આવતા 55 એકમોનું પાણી સદંતર બિનસંતોષકારક જાહેર કરાયું છે.

રાજકોટમાં હાલ અંદાજે 250 જેટલા વોટર પ્લાન્ટ્સ કાર્યરત છે અને આ તમામ પર ચેકિંગની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. ફેબ્રુઆરીથી જ ગરમીનો પારો વધવા લાગ્યો હોવાથી ઠંડા પીણાં અને ખાણીપીણીમાં વપરાતા બરફની ગુણવત્તા પણ તપાસવામાં આવશે. બરફના કારખાનાઓમાં કયા પ્રકારના પાણીનો ઉપયોગ થાય છે તેની ચકાસણી માટે પણ અલગથી ટીમો બનાવવામાં આવશે. જામનગરમાં કોલેરા ફાટી નીકળ્યા બાદ રાજકોટ મનપા કોઈ જોખમ લેવા માંગતું નથી. ઓફિસો અને કોમર્શિયલ બિલ્ડિંગોમાં સપ્લાય થતા જગ જો ગંદા હોય કે તેના પર વિક્રેતાની વિગતો ન હોય, તો તેવા પ્લાન્ટ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ગ્રાહકોએ પણ જાગૃત બનીને માત્ર પ્રમાણિત અને માર્કાવાળા પાણીના જગનો જ ઉપયોગ કરવો હિતાવહ છે.


રિપોર્ટ : હાર્દિક ચંદારાણા




# નડિયાદ: સ્કૂલ પ્રિન્સિપાલે મહિલા પાસે કરી સેક્સ્યુઅલ માંગણી, ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર:** નડિયાદમાં એક ખાનગી શાળાના પ્રિન્સિપાલની હરકતથી વાલીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. નિવાસી કમળા બા પ્રાથમિક શાળાના બે બાળકોને અન્ય શાળામાં ભણવા મોકલવા માટે તેમની માતા એલસી લેવા માટે પ્રિન્સિપાલ પાસે ગઈ હતી. પ્રિન્સિપાલ ગેરહાજર હોવાથી મહિલાએ ફોન પર સંપર્ક કર્યો હતો. જોકે, શિક્ષણના પવિત્ર ધામના વડાએ પદની ગરિમા લજવી મહિલાને અભદ્ર મેસેજો કર્યા હતા અને શારીરિક સંબંધ બાંધવાની માંગણી કરી હતી.

મહિલાએ આ અન્યાય સામે ઝૂકવાને બદલે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના ભાઈઓનો સહારો લીધો હતો. બજરંગદળના જિલ્લા સહ સંયોજક ગણેશભાઈ વણઝારા, કુલદીપભાઈ મકવાણા અને ચિરાગભાઈ તાલેવાર સહિતની ટીમે મહિલાને ન્યાય અપાવવા માટે વ્યુહરચના બનાવી હતી. મહિલાને આગળ રાખી પ્રિન્સિપાલને નડિયાદના લાલ કેવી સર્કલ પાસેની રોયલ હોટલમાં મળવા માટે બોલાવાયો હતો. જેવો પ્રિન્સિપાલ ત્યાં પહોંચ્યો, બજરંગદળના કાર્યકર્તાઓએ તેને રંગેહાથ ઝડપી લીધો હતો. ત્યારબાદ પોલીસને બોલાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ સફળ ઓપરેશનમાં પાર્થભાઈ વસોયા અને અન્ય કાર્યકર્તાઓ પણ જોડાયા હતા. બજરંગદળે સંદેશ આપ્યો હતો કે બહેન-દીકરીઓની સુરક્ષા માટે તેઓ કટિબદ્ધ છે.

**રિપોર્ટ : દિપેશ શ્રીમાળી**


ગણેશ વણઝારા
નરોડા જિલ્લા ઉપપ્રમુખ બજરંગ દળ

**નડિયાદની કમળા બા પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલે એલસી લેવા આવેલી મહિલા પાસે અભદ્ર માંગણી કરતા ચકચાર મચી છે. બજરંગદળના કાર્યકર્તાઓએ ઓપરેશન હાથ ધરી લાલ કેવી સર્કલ પાસેની હોટલમાંથી પ્રિન્સિપાલને રંગેહાથ ઝડપી પાડી પોલીસના હવાલે કર્યો હતો.**

# પોરબંદર: સોનાપુરી સ્મશાનમાં મનપાના ભંગાર વાહનોનો ખડકલો, રોષ

**દૈનિક પલ્સ સમાચાર:** પોરબંદર નગરપાલિકાના સત્તાધીશો જાણે ભાન ભૂલ્યા હોય તેમ પવિત્ર સોનાપુરી સ્મશાન પરિસરમાં કચરાપેટીની જેમ વાહનોનો ભંગાર ખડકી રહ્યા છે. સ્મશાન, જ્યાં માનવીની છેલ્લી સફર પૂર્ણ થાય છે, તેને મનપાના ભ્રષ્ટ અને આળસુ તંત્રએ જૂના વાહનોના ડમ્પિંગ યાર્ડમાં ફેરવી નાખ્યું છે. વર્ષોથી ધૂળ ખાઈ રહેલા ફાયર બ્રિગેડના વાહનો, ખખડધજ એમ્બ્યુલન્સ અને પાણીના ટેન્કરો અહીં એવી રીતે ગોઠવાયેલા છે કે તે કોઈ મોટું કૌભાંડ છુપાવવાનો પ્રયાસ હોય તેમ લાગે છે. જ્યારે ફાયર અધિકારીઓને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે લૂલો બચાવ કરતા કહ્યું કે હરાજી અટકી હોવાથી વાહનો અહીં ખસેડાયા છે. પણ પ્રશ્ન એ છે કે, ફાયર સ્ટેશનનું ગ્રાઉન્ડ કે મનપાના વેરહાઉસને બદલે સ્મશાન જ કેમ પસંદ કરાયું? શું આ વાહનોના સ્પેરપાર્ટ્સ સગેવગે કરવાનું કોઈ આયોજન હતું? જાગૃત નાગરિકોમાં આ મુદ્દે ભારે આક્રોશ છે. લોકોનું કહેવું છે કે, આ તંત્રની બુદ્ધિનું દેવાળું છે. જ્યાં લોકો શોકમગ્ન અવસ્થામાં આવે છે, ત્યાં આવા ભંગારના દ્રશ્યો બતાવીને તંત્રએ સંસ્કારિતા નેવે મૂકી છે. સ્મશાનની શોભા અને પવિત્રતા સાથે ચેડાં કરનારા અધિકારીઓ વિરુદ્ધ કડક પગલાં લેવા માંગ ઉઠી છે.




**પોરબંદર નગરપાલિકાની નિર્લજ્જતાની હદ વટાવી ગઈ છે. પવિત્ર સોનાપુરી સ્મશાનને મનપાએ ભંગારના ડેપોમાં ફેરવી નાખ્યું છે. ફાયર બ્રિગેડના જૂના વાહનો અને ટેન્કરો સ્મશાનમાં ખડકીને લોકોની શ્રદ્ધા સાથે ક્રૂર મજાક કરવામાં આવી રહી છે. તંત્રની આ બેદરકારી સામે જનતામાં ઉગ્ર રોષ છે.**

# વડોદરા જેલરોડ પર પ્રતિબંધિત સમયમાં ઘૂસેલા મિક્સર ટ્રકે અકસ્માત સર્જ્યો

## વડોદરા જેલરોડ: પ્રતિબંધિત સમયમાં ટ્રકે કારને લીધી અડફેટે

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની "સંસ્કારી નગરી" માં હવે ટ્રાફિકના નિયમો માત્ર કાગળ પર જ શોભતા હોય તેમ લાગે છે. શહેરના મધ્યમાં આવેલા અને અત્યંત વ્યસ્ત જેલરોડ પર આજે બપોરે ટ્રાફિક પોલીસની નિષ્ફળતાનો વધુ એક નમૂનો જોવા મળ્યો હતો. પ્રતિબંધિત સમયગાળા દરમિયાન, જ્યારે ભારે વાહનોના પ્રવેશ પર રોક હોય છે, ત્યારે એક મહાકાય લોડિંગ મિક્સર ટ્રક આ રોડ પર ધસી આવ્યો અને એક ફોર-વ્હીલર કારને અડફેટે લીધી હતી.

ઘટનાની વિગતો એવી છે કે વડોદરા મધ્યસ્થ જેલ (સેન્ટ્રલ જેલ) માં હાલમાં રીનોવેશન અને ચણતરનું કામ ચાલી રહ્યું છે. આ કામ માટે રેતી-કપચીનું મિશ્રણ લાવતું ટ્રક જેલરોડ પરથી પસાર થઈ રહ્યું હતું ત્યારે વળાંક પાસે તેણે એક કારને ટક્કર મારી હતી. સદનસીબે વાહનોની ગતિ ઓછી હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ અકસ્માત એટલો જોખમી હતો કે કારમાં બેઠેલા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. અહીં સૌથી મોટો આક્રોશ એ વાતનો છે કે, જે પોલીસ હેલ્મેટ કે સીટબેલ્ટ ન બાંધનાર મધ્યમ વર્ગના માણસને રસ્તા વચ્ચે રોકીને દંડ ફટકારે છે, તે આટલા મોટા મિક્સર ટ્રકને ભરચક ટ્રાફિકમાં શહેરમાં પ્રવેશતા કેમ નથી જોઈ શકતી? શું જેલમાં ચાલતું સરકારી કામ એટલું મહત્વનું છે કે તેના માટે નાગરિકોના જીવ સાથે રમત રમી શકાય? ડ્રાઈવરની વાત માનીએ તો તે જેલના કામ માટે મટિરિયલ લાવ્યો હતો, પણ શું સરકારી પરવાનાનો અર્થ એવો થાય કે ટ્રાફિકના નિયમો નેવે મૂકી શકાય? પ્રતિબંધિત સમયમાં આ વાહન જેલરોડ સુધી પહોંચ્યું કઈ રીતે? શું વડોદરાની ટ્રાફિક પોલીસ માત્ર પાવતીઓ ફાડવા માટે જ છે કે પછી હેવી વાહનો સાથે તેમની કોઈ અઘોષિત મિલીભગત છે? જેલરોડ જેવા સંવેદનશીલ વિસ્તારમાં, જ્યાં હજારો લોકોની અવરજવર હોય છે, ત્યાં આવા જોખમી વાહનોને એન્ટ્રી મળવી એ વહીવટી તંત્રની ઘોર બેદરકારી છે. જો આ ટ્રકે કોઈ ટુ-વ્હીલર સવારને અડફેટે લીધો હોત, તો તેની જવાબદારી કોણ લેત? શું વડોદરા પોલીસ કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહી છે? આ ઘટનાએ વડોદરાના ટ્રાફિક મેનેજમેન્ટની ગંભીર નબળાઈઓ છતી કરી દીધી છે અને જનતામાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે.



રિપોર્ટ : તેજસ જોશી

**વડોદરા પોલીસ સામાન્ય જનતા પાસેથી હેલ્મેટના દંડ વસૂલવામાં વ્યસ્ત છે, ત્યારે શહેરના પ્રતિબંધિત વિસ્તારોમાં 'સરકારી કામ'ના ઓઠા હેઠળ લોડિંગ વાહનો બેરોકટોક ફરી રહ્યા છે. જેલરોડ પર મધ્યસ્થ જેલના કામ માટે આવેલા એક મિક્સર ટ્રકે કારને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. નસીબજોગે જાનહાનિ ટળી હતી, પરંતુ સવાલ એ છે કે ટ્રાફિક પોલીસની રહેમનજર હેઠળ આવા ભારે વાહનો શહેરમાં પ્રવેશે છે કઈ રીતે? શું સરકારી પ્રોજેક્ટ માટે નાગરિકોના જીવ જોખમમાં મૂકવાની છૂટ આપી દેવાઈ છે?**

# દહેગામ: સામાજિક સમરસતા સેમિનારનું આયોજન, મહાનુભાવો રહ્યા હાજર

**દૈનિક પલ્સ સમાચાર:** દહેગામ શહેર ખાતે આજે સામાજિક સમરસતા ટ્રસ્ટ દ્વારા એક મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સમાજના તમામ વર્ગો વચ્ચે એકતા અને ભાઈચારો સ્થાપિત કરવાનો હતો. કાર્યક્રમમાં ધારાસભ્ય બળવંતસિંહ ચૌહાણે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, જ્યારે સમાજમાં સમરસતા હશે ત્યારે જ રાષ્ટ્રનો સાચો વિકાસ શક્ય બનશે. આ સેમિનારમાં વહીવટી અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓનો સંગમ જોવા મળ્યો હતો. તાલુકા પંચાયતના પ્રમુખ અશોકભાઈ પટેલ, ઉપપ્રમુખ ઝાલાસાહેબ અને તાલુકા વિકાસ અધિકારીએ સરકારી યોજનાઓ અને સામાજિક ન્યાયના સમન્વય અંગે વાત કરી હતી. વિશ્વ હિન્દુ પરિષદના પ્રાંત પ્રમુખ પ્રવીણભાઈ ભટ્ટ અને સામાજિક કાર્યકર મિત્તલ પટેલે પ્રાસંગિક ઉદબોધન દ્વારા ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કર્યા હતા. સૌથી નોંધપાત્ર બાબત એ હતી કે તાલુકાના 70 જેટલા સરપંચોએ એકસાથે ઉપસ્થિત રહીને સામાજિક સમરસતાના અભિયાનને ગ્રામ્ય સ્તરે લઈ જવાની ખાતરી આપી હતી. કાર્યક્રમમાં કુલ 150 જેટલા સમાજ સેવકો અને પ્રબુદ્ધ નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સેમિનાર આગામી દિવસોમાં દહેગામ તાલુકામાં સામાજિક પરિવર્તન લાવવા માટે પાયારૂપ સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.



રિપોર્ટ : દિપેશ શ્રીમાળી






## કોઠંબા: તળાવ કિનારે જુગારધામ પર રેડ, કોર્પોરેટર ફરાર

મહિસાગર એલસીબી પોલીસે બાતમીના આધારે કોઠંબા વિસ્તારમાં સફળ દરોડો પાડી જુગારધામનો પર્દાફાશ કર્યો છે. છલાબારીયાના મુવાડા તળાવના કિનારે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો હાર-જીતનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળતા પોલીસે રેડ પાડી હતી. આ દરમિયાન પોલીસે સ્થળ પરથી લુણાવાડા, અરવલ્લી અને ખલાસપુરના કુલ 8 જુગારીઓને ઝડપી લીધા હતા. પોલીસે ઘટનાસ્થળેથી ₹27,200 રોકડા, 8 મોબાઈલ અને 3 મોટરસાયકલ મળી કુલ ₹1,57,200નો મુદ્દામાલ કબજે કર્યો છે. જોકે, આ રેડમાં મુખ્ય સૂત્રધાર લાલાભાઈ ઉર્ફે પોટર ભોઈ અને લુણાવાડા નગરપાલિકાના કોંગ્રેસી કોર્પોરેટર દીપક કેશરી સહિત ચાર શખ્સો પોલીસને જોઈ નાસી છૂટ્યા હતા. નાસી છૂટેલા શખ્સોમાં મહાવીર ઉર્ફે મીકી જૈન અને સુરજ મારવાડીનો પણ સમાવેશ થાય છે. હાલ પોલીસે જુગારધારા કલમ-12 મુજબ ગુનો નોંધી ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## વિરપુર: તાલુકો બન્યાના વર્ષો બાદ પણ વિકાસ માટે વલખા

વિકાસની મોટી વાતો વચ્ચે મહીસાગરનો વિરપુર તાલુકો વહીવટી અંધેરતંત્રનો જીવતો પુરાવો છે. 2011ની વસ્તી ગણતરી મુજબ 10 હજારથી વધુની વસ્તી ધરાવતું આ મથક પાયાની જરૂરિયાતો માટે તરસી રહ્યું છે. રસ્તાઓ પર ઉભરાતી ગટરો અને કચરાના ઢગલાએ વિરપુરને ગંદકીનું હબ બનાવી દીધું છે. બાળકો માટે રમતગમતનું મેદાન નથી કે યુવાનો માટે કસરતશાળા નથી. જ્યારે કોઈ દુર્ઘટના બને ત્યારે આખું નગર લાચાર બની જાય છે કારણ કે અહીં ફાયર સેફ્ટીની કોઈ વ્યવસ્થા નથી. નદી-તળાવો વનસ્પતિ અને ગંદકીથી ભરાઈ ગયા છે, પણ તંત્રના પેટનું પાણી હલતું નથી. એસ.ટી. બસોની કનેક્ટિવિટી ન હોવાથી લોકોએ ખાનગી વાહનોમાં હેરાન થવું પડે છે. સ્મશાન જેવી પવિત્ર જગ્યાએ લાઈટ કે પાણીની સુવિધા ન હોવી તે શરમજનક બાબત છે. સ્થાનિકો હવે પૂછી રહ્યા છે કે આખરે ક્યાં સુધી વિરપુર પછાત રહેશે?

## જૂનાગઢ: નરસિંહ મહેતા સરોવર માટે પ્રવેશ ફી અને દંડ જાહેર

જૂનાગઢ શહેરના પ્રવાસન નજરાણા સમાન નરસિંહ મહેતા સરોવરના લોકાર્પણ બાદ હવે મુલાકાતીઓ માટે વ્યવસ્થાપન નિયમો જાહેર કરવામાં આવ્યા છે. મહાનગરપાલિકા દ્વારા સરોવરની સુંદરતા અને ઇકોસિસ્ટમ જાળવવા માટે પ્રવેશ ફી અને દંડની નવી જોગવાઈઓ અમલી બની છે. નવા નિયમો મુજબ, 12 વર્ષથી ઉપરના નાગરિકો માટે ₹20 પ્રવેશ ટિકિટ નક્કી કરાઈ છે, જ્યારે નાના બાળકો અને દિવ્યાંગો માટે પ્રવેશ મફત છે. દરરોજ સવારે 06 થી 08 દરમિયાન મોર્નિંગ વોકર્સ માટે ખાસ મફત પ્રવેશની વ્યવસ્થા કરવામાં આવી છે. જોકે, દર સોમવારે મેઈન્ટેનન્સ કામગીરીને કારણે પ્રવાસીઓ માટે સરોવર બંધ રાખવામાં આવશે.

સરોવર પરિસરમાં સ્વચ્છતા જાળવવી એ મુલાકાતીઓની પ્રાથમિકતા રહેશે. જો કોઈ મુલાકાતી નશાકારક પદાર્થોનું સેવન કરતા કે ધૂમ્રપાન કરતા પકડાશે તો દંડ સાથે પોલીસ કાર્યવાહી પણ થઈ શકે છે. બગીચાના છોડ કે લાઈટિંગને નુકસાન પહોંચાડવા પર ₹1000નો દંડ વસૂલાશે. પાન-માવાની પિચકારી કે પ્લાસ્ટિકના કચરા બદલ પણ કડક દંડની જોગવાઈ છે. મનપાના પબ્લિક રિલેશન ઓફિસર દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ આધુનિક સુવિધા લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે નાગરિકોએ નિયમોનું પાલન કરવું અને તંત્રને સહકાર આપવો અનિવાર્ય છે.






# સાબરકાંઠામાં ત્રણ નગરપાલિકાઓની ચૂંટણી પૂર્વે EVM ચેકિંગ પ્રક્રિયા પૂર્ણ થઈ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાની ત્રણ મુખ્ય નગરપાલિકાઓ - હિંમતનગર, ઇડર અને વડાલીની ચૂંટણી માટેની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયાના પ્રથમ તબક્કા સમાન EVM (ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન) નું ફર્સ્ટ લેવલ ચેકિંગ હવે સફળતાપૂર્વક સંપન્ન થયું છે. રાજ્ય ચૂંટણી પંચના આદેશાનુસાર, હિંમતનગરની પોલિટેકનિક કોલેજ સ્થિત ઓલ્ડ બોયઝ હોસ્ટેલના EVM વેર હાઉસમાં આ કામગીરી હાથ ધરાઈ હતી. અગાઉ આ પ્રક્રિયા 13 થી 16 ફેબ્રુઆરી દરમિયાન યોજાવાની હતી, પરંતુ નવી ગાઇડલાઇન મુજબ તેને 12 ફેબ્રુઆરીએ વહેલી શરૂ કરવામાં આવી હતી. આ સઘન ચેકિંગમાં કુલ 224 કંટ્રોલ યુનિટ (CU) અને 448 બેલેટ યુનિટ (BU) નું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. BEL ના એન્જિનિયરો દ્વારા દરેક મશીનનું ટેકનિકલ ઓડિટ કરવામાં આવ્યું હતું જેથી મતદાન સમયે કોઈ ખામી ન સર્જાય. બે દિવસ સુધી ચાલેલી આ પ્રક્રિયામાં ચૂંટણી વિભાગના અધિકારીઓએ મશીનોની ફિઝિકલ અને સોફ્ટવેર કન્ડિશનની ચકાસણી કરી હતી. ચેકિંગ પૂર્ણ થયા બાદ તમામ મશીનોને સુરક્ષિત રીતે વેર હાઉસમાં સીલ કરવામાં આવ્યા છે. હવે વહીવટી તંત્ર ચૂંટણીની તારીખોની જાહેરાત અને અન્ય વ્યવસ્થાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આ કામગીરી પૂર્ણ થતા રાજકીય પક્ષોમાં પણ ચૂંટણીને લઈ ઉત્તેજના વધી છે.




રિપોર્ટ : જનક જાદવ

**સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર, ઇડર અને વડાલી નગરપાલિકાની ચૂંટણીને લઈ EVM મશીનોનું ફર્સ્ટ લેવલ ચેકિંગ પૂર્ણ થયું છે. ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડના એન્જિનિયરો દ્વારા કુલ 224 કંટ્રોલ યુનિટ અને 448 બેલેટ યુનિટનું ટેકનિકલ પરીક્ષણ કરી મશીનોને તૈયાર કરવામાં આવ્યા છે.**

# હિંમતનગરની સાયન્સ કોલેજમાં નેનોટેકનોલોજી વિષય પર સ્ટેટ કોન્ફરન્સ યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગરના શૈક્ષણિક હબ ગણાતા મોતીપુરા વિસ્તારની એચ.એન.એસ.બી. સાયન્સ કોલેજમાં વિજ્ઞાન જગતના અદ્યતન વિષય 'નેનોટેકનોલોજી' પર રાજ્ય સ્તરીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. હાયર એજ્યુકેશન વિભાગ અને કે.સી.જી.ના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ કોન્ફરન્સમાં વિજ્ઞાન ક્ષેત્રના માંધાતાઓ એક મંચ પર એકઠા થયા હતા.

પરિસંવાદમાં કુલપતિ ડો. કે.સી. પીરીયાએ નેનોટેકનોલોજીની માનવ જીવન અને પર્યાવરણ પર થતી અસરો અને ભવિષ્યના સંશોધનો વિશે પ્રેરણાદાયી સ્પીચ આપી હતી. ફિઝિક્સ વિભાગના નિષ્ણાતો ડો. દેશપાંડે અને ડો. ગજ્જરે ટેકનોલોજીના જટિલ પાસાઓને સરળતાથી સમજાવ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવી અને કેળવણી મંડળના સહમંત્રી પરાગભાઈ દોશીએ આ પ્રકારના આયોજનને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે પથદર્શક ગણાવ્યું હતું. આ કોન્ફરન્સમાં ગુજરાતના વિવિધ ખૂણેથી 272 ડેલિગેટ્સે ઉત્સાહભેર ભાગ લીધો હતો. સહભાગીઓએ પોતાના સંશોધન પત્રો અને પોસ્ટરો રજૂ કર્યા હતા, જેનું નિષ્ણાતો દ્વારા મૂલ્યાંકન કરી પ્રથમ અને દ્વિતીય વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કન્વીનર ડો. એમ.એન. પરમાર અને સેક્રેટરી પ્રો. અનિલ મકવાણાની ટીમની જહેમતથી આ કાર્યક્રમ શૈક્ષણિક રીતે અત્યંત ફળદાયી રહ્યો હતો.




રિપોર્ટ : જનક જાદવ

**હિંમતનગરની એચ.એન.એસ.બી. સાયન્સ કોલેજમાં હાયર એજ્યુકેશન અને કે.સી.જી.ના સહયોગથી નેનોટેકનોલોજી વિષય પર એક દિવસીય સ્ટેટ લેવલ કોન્ફરન્સનું સફળ આયોજન થયું હતું. જેમાં રાજ્યભરમાંથી 272 ડેલિગેટ્સે ભાગ લઈ પોસ્ટર અને ઓરલ પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા.**

# બહુચરાજીના વેણપુરામાં દૂધેશ્વર મહાદેવ જીર્ણોદ્ધાર મહોત્સવનું આયોજન

## વેણપુરા: દૂધેશ્વર મહાદેવ જીર્ણોદ્ધાર અને શતાબ્દી મહોત્સવ

**દૈનિક પલ્સ સમાચાર:** મહેસાણા જિલ્લાનું વેણપુરા ગામ અત્યારે શિવભક્તિના રંગે રંગાયેલું છે. નિમિત્ત છે, ગામના આસ્થાના કેન્દ્ર એવા શ્રી દૂધેશ્વર મહાદેવનો શતાબ્દી મહોત્સવ અને નવનિર્મિત જીર્ણોદ્ધાર મહોત્સવ. ૧૪ ફેબ્રુઆરી અને ૧૫ ફેબ્રુઆરી એમ બે દિવસીય પાવનકારી પ્રસંગોની હારમાળા સર્જાશે. આ મહોત્સવ માત્ર ધાર્મિક જ નહીં પણ સામાજિક એકતાનું પ્રતીક બની રહ્યો છે, કારણ કે સમસ્ત વેણપુરા પાટીદાર પરિવાર દ્વારા તેની ખૂબ જ સુંદર અને સુવ્યવસ્થિત રીતે ઉજવણી કરવામાં આવી રહી છે. મહોત્સવના પ્રથમ દિવસે એટલે કે ૧૪ ફેબ્રુઆરીએ વેણપુરાની દીકરીઓ અને તેમના પરિવારોનું સન્માન કરીને ગામ પ્રત્યેના તેમના સ્નેહને વધાવવામાં આવશે. સાંસ્કૃતિક કાર્યક્રમ હેઠળ રાત્રે લોકગાયક જીતુરાજ ઠાકોર અને મેઘા પરમાર ગરબાના તાલે ખેલૈયાઓને રમાડશે. આ દિવસનું સમાપન ભવ્ય રાત્રિ ભોજન સાથે થશે. બીજા દિવસે એટલે કે ૧૫ ફેબ્રુઆરીએ, જે દિવસે મહાશિવરાત્રી છે, તે દિવસે આધ્યાત્મિક વાતાવરણ તેની ચરમસીમાએ હશે. સવારે ગામના મુખ્ય માર્ગો પર ભગવાનની શોભાયાત્રા ભ્રમણ કરશે, જેમાં પરંપરાગત વેશભૂષામાં ગ્રામજનો જોડાશે. સવારે ૯ વાગ્યે યજ્ઞનો પ્રારંભ થશે, જે સાંજે ૫ વાગ્યે પૂર્ણાહુતિ પામશે. શિવરાત્રી હોવાથી ભોજન પ્રસાદમાં ફળાહારની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. વેણપુરા ગામના પાટીદાર ભાઈઓએ આ જીર્ણોદ્ધાર કાર્યમાં શક્તિ મુજબ દાનની સરવાણી વહાવી છે, જે ગામની એકતા દર્શાવે છે. ગામના ચોરે-ચૌટે અત્યારે શિવના જયઘોષ સાંભળવા મળી રહ્યા છે. સમગ્ર વેણપુરાને અદભૂત રોશનીથી ઝળહળતું કરવામાં આવ્યું છે, જે રાત્રિના સમયે દિવ્ય નજારો પેશ કરે છે. આ મહોત્સવ દ્વારા નવી પેઢીને ધાર્મિક સંસ્કારો અને ગામની પરંપરાઓનો પરિચય કરાવવાનો મુખ્ય હેતુ છે. સ્થાનિક આગેવાનો અને સ્વયંસેવકો રાત-દિવસ એક કરીને વ્યવસ્થા જાળવી રહ્યા છે જેથી બહારથી આવતા મહેમાનોને કોઈ તકલીફ ન પડે. આમ, વેણપુરા ગામમાં આ બે દિવસ આનંદ, ઉત્સાહ અને અખંડ ભક્તિનો સંગમ જોવા મળશે.


રિપોર્ટ : ભુરાજી ઝાલા

**બહુચરાજીના વેણપુરા ગામમાં શતાબ્દી મહોત્સવ નિમિત્તે શ્રી દૂધેશ્વર મહાદેવ મંદિરનો જીર્ણોદ્ધાર મહોત્સવ ભક્તિભાવ પૂર્વક ઉજવાઈ રહ્યો છે. ૧૪ ફેબ્રુઆરીએ બહેન-દીકરીઓનું સન્માન અને રાત્રે જીતુરાજ ઠાકોર તથા મેઘા પરમારના સથવારે રાસ-ગરબાની જમાવટ થશે. બીજા દિવસે શિવરાત્રીના પર્વે ગામમાં ભવ્ય શોભાયાત્રા અને યજ્ઞનું આયોજન છે. આ મહોત્સવ માટે ગામને રોશનીથી શણગારવામાં આવ્યું છે અને દાનની સરવાણી વહી રહી છે. સમગ્ર વેણપુરા પાટીદાર પરિવારમાં આ પ્રસંગે અનેરો ઉત્સાહ અને ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે.**

# દેડીયાપાડા KVK ખાતે મહિલાઓ માટે આરોગ્ય અને પોષણ તાલીમ યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લાના દેડીયાપાડા ખાતે આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં ગ્રામીણ મહિલાઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને બે દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. KVK અને આગાખાન સંસ્થાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં સાગબારા તાલુકાના ૧૭ ગામોની મહિલા પ્રતિનિધિઓ જોડાઈ હતી.

કાર્યક્રમના પ્રારંભમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. એચ.યુ. વ્યાસે ઉપસ્થિત બહેનોને સંબોધતા જણાવ્યું હતું કે, યોગ્ય પોષણ જ રોગમુક્ત જીવનની ચાવી છે. તેમણે સ્થાનિક સ્તરે ઉપલબ્ધ સરગવો, સીતાફળ અને લાલ ચોખા જેવા ખોરાકને ઉત્તમ ગણાવ્યા હતા. તાલીમ દરમિયાન નિષ્ણાતો દ્વારા સંતુલિત આહારના વિવિધ ખાદ્ય જૂથોની સમજ આપવામાં આવી હતી. મહિલાઓમાં જોવા મળતી લોહીની ઉણપ (એનિમિયા) ના કારણો અને તેને દૂર કરવાના ઉપાયો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. તાલીમમાં માત્ર વ્યાખ્યાનો જ નહીં, પણ પ્રેક્ટિકલ સત્રો અને આરોગ્યપ્રદ રમતો પણ રાખવામાં આવી હતી, જેથી બહેનો સરળતાથી વિષયને સમજી શકે. "બાળકના પ્રથમ ૧૦૦૦ દિવસ" ના પોષણનું મહત્વ સમજાવીને માતા અને બાળકના સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવામાં આવી હતી. આગાખાન સંસ્થાના જગદીશ ગામિત અને KVKની ટીમના પ્રયત્નોથી આ તાલીમ સફળ રહી હતી. આ પ્રકારના આયોજનથી ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય પ્રત્યેની સભાનતા વધશે અને કુપોષણ સામેની લડત મજબૂત બનશે.


રિપોર્ટ : વસીમ મેમન




## ચંડીસર જીઆઈડીસીમાં ₹7.93 લાખનું શંકાસ્પદ ઘી જપ્ત

બનાસકાંઠા જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ ડામવા ફૂડ વિભાગ એક્શન મોડમાં આવ્યું છે. તાજેતરમાં ચંડીસર જી.આઈ.ડી.સી. સ્થિત પ્લોટ નં. 195 પર કાર્યરત 'મે. શ્રી સવાઈ મિલ્ક પ્રોડક્ટ્સ' નામની પેઢીમાં ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમે ઓચિંતી તપાસ કરી હતી. પેઢીના માલિક વિપુલકુમાર પંચીવાલાની હાજરીમાં કરાયેલી આ કાર્યવાહીમાં મોટા પ્રમાણમાં શંકાસ્પદ ઘીનો જથ્થો મળી આવ્યો હતો. તંત્રએ તકેદારીના ભાગરૂપે 'હેલ્થ પ્રીમિયમ' બ્રાન્ડના પેકિંગ અને લૂઝ ઘીના નમૂના પૃથ્થકરણ માટે લીધા છે. અધિકારીઓએ સ્થળ પરથી 1200 લિટર પેક્ડ ઘી અને 40 કિલો લૂઝ ઘી મળી કુલ ₹7,93,975 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006' હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. લેબોરેટરી રિપોર્ટમાં જો ભેળસેળ સાબિત થશે, તો જવાબદારો સામે કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે. આ કામગીરીથી ભેળસેળ કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## બોર્ડ પરીક્ષા માટે તંત્ર સજ્જ: ભયમુક્ત વાતાવરણ પર ભાર

આગામી ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાઓ માટે વહીવટી તંત્ર સજ્જ થયું છે. ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર પરથી રાજ્યસ્તરીય સમીક્ષા કરવામાં આવી હતી. આ જ અંતર્ગત બનાસકાંઠામાં કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં કલેક્ટરે ભારપૂર્વક જણાવ્યું કે પરીક્ષાઓ વિદ્યાર્થીઓ માટે તણાવમુક્ત અને ઉત્સાહવર્ધક હોવી જોઈએ.જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. હિતેશ પટેલે તૈયારીઓની વિગતો આપતા જણાવ્યું કે "બનાસ પરીક્ષા પથદર્શક" અને "સફળતાનું પંચામૃત" જેવી શૈક્ષણિક પહેલોથી વિદ્યાર્થીઓને મોટો લાભ થઈ રહ્યો છે. કલેક્ટરે તમામ સંબંધિત વિભાગોને જવાબદારીઓ સોંપી સંવેદનશીલ કેન્દ્રો પર વિશેષ દેખરેખ રાખવા સૂચના આપી છે. પરીક્ષાર્થીઓ કોઈપણ મુંઝવણ વગર પરીક્ષા આપી શકે તે માટે હેલ્પલાઈન નંબરો જાહેર કરી વ્યાપક પ્રચાર કરવા જણાવાયું છે. આ બેઠકમાં શૈક્ષણિક સંઘોના હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા અને પરીક્ષા પ્રક્રિયાને પારદર્શક બનાવવાની ખાતરી આપી હતી.

## વીજ કર્મચારીઓનો ખાનગીકરણ અને બિલ સામે વિરોધ

પાલનપુરમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીના કર્મચારી સંગઠનો દ્વારા સરકાર સામે મોરચો માંડવામાં આવ્યો છે. ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિના ઉપક્રમે સર્કિટ હાઉસ સામે આવેલી UGVCL કચેરી ખાતે મોટી સંખ્યામાં વીજ કર્મીઓ એકત્ર થયા હતા. તેમણે વીજ સુધારા બિલ 2026 અને વીજ કંપનીઓના ખાનગીકરણના વિરોધમાં ઉગ્ર દેખાવો કર્યા હતા.

કર્મચારીઓએ જણાવ્યું હતું કે ખાનગીકરણના કારણે વીજ સેવાઓ અને કર્મચારીઓના અધિકારો પર નકારાત્મક અસર પડશે. આ સાથે જ, નિવૃત્તિ બાદના સ્વાભિમાનપૂર્વક જીવન માટે જૂની પેન્શન યોજના (OPS) ફરીથી શરૂ કરવાની પણ પ્રબળ માંગ ઉઠાવી હતી. હાથમાં બેનરો અને સૂત્રોચ્ચાર સાથે કર્મચારીઓએ સરકારને ચેતવણી આપી છે કે જો તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો આગામી સમયમાં આંદોલનને વધુ તેજ બનાવવામાં આવશે.




# બજેટ ૨૦૨૬: તિલકવાડામાં યુવાનોને ધારાસભ્યએ આપી વિસ્તૃત જાણકારી

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૬ની વિસ્તૃત જાણકારી યુવાનો સુધી પહોંચાડવા માટે શરૂ કરવામાં આવેલા અભિયાન અંતર્ગત આજે તિલકવાડા ખાતે વિશેષ શૈક્ષણિક કાર્યક્રમ યોજાયો હતો. સરકારી વિનયન કોલેજ તિલકવાડાના કેમ્પસમાં આયોજિત આ કાર્યક્રમમાં નાદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં કોલેજ પરિવાર દ્વારા મહેમાનોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ધારાસભ્યશ્રીએ દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. પોતાના ઉદબોધનમાં ડૉ. દર્શનાબેન દેશમુખે કેન્દ્રીય બજેટ ૨૦૨૬ને યુવા-લક્ષી બજેટ ગણાવતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રજૂ થયેલ આ બજેટ યુવાનો માટે નવી તકો અને સંભાવનાઓ પૂરી પાડે છે. તેમણે ઇન્ફ્રાસ્ટ્રક્ચર, આદિવાસી વિસ્તારોના વિકાસ અને રોજગારી સંબંધિત જાહેરાતો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

ખાસ કરીને બજેટમાં રજૂ કરાયેલ સ્ટાર્ટઅપ પ્રોત્સાહન યોજનાઓ વિશે જણાવી તેમણે વિદ્યાર્થીઓને જોબ સીકર (નોકરી શોધનાર) ને બદલે જોબ ક્રિએટર (નોકરી આપનાર) બનવા પ્રોત્સાહિત કર્યા હતા. 'સ્વદેશી અપનાવો'ના નારા સાથે તેમણે સ્થાનિક કારીગરોની બનાવટો ખરીદીને આર્થિક સશક્તિકરણમાં ભાગીદાર બનવા અનુરોધ કર્યો હતો. કોલેજના પ્રિન્સિપાલ દ્વારા કાર્યક્રમના અંતે આભાર વિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં બજેટ પ્રત્યેની સમજણ વધી હતી અને દેશના આર્થિક વિકાસમાં તેમની ભૂમિકા વિશે પણ જાગૃતિ આવી હતી.



રિપોર્ટ : વસીમ મેમન

# લાઠીના વીરપુર ગામે નવા પંચાયત ભવનનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના વીરપુર ગામે આજે વિકાસની નવી દિશા ખૂલી છે. ગામના પ્રગતિશીલ અભિગમને ધ્યાનમાં રાખીને મંજૂર કરવામાં આવેલા નવા ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે ભૂમિપૂજન કરી ભવનના નિર્માણની કામગીરીનો વિધિવત પ્રારંભ કરાયો હતો.

આ અવસરે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ગ્રામજનોને સંબોધતા કહ્યું હતું કે, રાજ્ય સરકાર ગ્રામીણ સ્તરે પાયાની સુવિધાઓ મજબૂત કરવા માટે સતત પ્રયત્નશીલ છે. નવું પંચાયત ભવન માત્ર એક ઈમારત નહીં પરંતુ ગામના સર્વાંગી વિકાસનો પાયો બનશે. અહીં ડિજિટલ સેવાઓ અને પારદર્શક વહીવટ માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવશે. વીરપુર ગામના આગેવાનોએ પણ ધારાસભ્યની સક્રિયતાને બિરદાવી હતી, કારણ કે ટૂંકા સમયમાં આ ભવન માટેની દરખાસ્ત મંજૂર કરાવી કામ શરૂ કરવામાં આવ્યું છે. ખાતમુહૂર્ત સમયે ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ગામની મહિલાઓ અને યુવાનોએ આ વિકાસ કાર્યને વધાવ્યું હતું. સ્થાનિક નેતાઓએ જણાવ્યું કે જૂના ભવનમાં જગ્યાની મર્યાદા હતી, પરંતુ હવે આધુનિક ભવન તૈયાર થવાથી ગામના લોકોને સરકારી કામકાજ માટે સુવિધા રહેશે. અંતમાં ધારાસભ્યશ્રીએ ગામના અન્ય પડતર પ્રશ્નો ઉકેલવાની પણ ખાતરી આપી હતી.

**રિપોર્ટ : મનીષ રામાણી**



**અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના વીરપુર ગામે નવા ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામમાં વિકાસના નવા કામની શરૂઆત થતા ગ્રામજનોમાં ભારે ઉત્સાહ અને ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.**

# હિંમતનગરમાં નવી આર્મી કેન્ટીન મંજૂર: ૨૫,૦૦૦ માજી સૈનિકોને થશે મોટો ફાયદો

## હિંમતનગર ખાતે માજી સૈનિકો માટે નવી આર્મી કેન્ટીનને મળી મંજૂરી

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના શૌર્યવાન માજી સૈનિકો માટે આજનો દિવસ ઐતિહાસિક સાબિત થયો છે. આ બંને જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં યુવાનો દેશની સેવામાં જોડાયેલા છે, પરંતુ નિવૃત્તિ બાદ તેમને મળતી કેન્ટીન સુવિધા માટે છેક અમદાવાદ કે ગાંધીનગરના આર્મી કેન્દ્રો સુધી જવું પડતું હતું. આ ભૌગોલિક અંતરના કારણે વૃદ્ધ માજી સૈનિકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ પ્રશ્નને લઈને અનેક રજૂઆતો બાદ સાબરકાંઠાના સાંસદ શ્રીમતી શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયાએ વ્યક્તિગત રસ દાખવીને કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી હતી. સાંસદશ્રીએ ભારત સરકારના માનનીય રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી માજી સૈનિકોની હાડમારીઓથી તેમને વાકેફ કર્યા હતા. રક્ષા મંત્રાલયે આ વાજબી માંગણીને ગ્રાહ્ય રાખીને હિંમતનગર ખાતે કેન્ટીન સ્ટોર્સ ડિપાર્ટમેન્ટ (CSD) નું નવું કેન્દ્ર શરૂ કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય માત્ર એક વહીવટી મંજૂરી નથી, પરંતુ દેશ માટે લડનારા ૨૫,૦૦૦થી વધુ સૈનિકો અને તેમના પરિવારો પ્રત્યેનું સન્માન છે.

હિંમતનગર ખાતે કેન્ટીન શરૂ થવાથી સાબરકાંઠા અને અરવલ્લીના પૂર્વ સૈનિકોને જીવન જરૂરી વસ્તુઓ, ગ્રોસરી અને અન્ય માલસામાન લેવા માટે હવે દૂરના શહેરોમાં જવાની કે લાંબી લાઈનોમાં ઊભા રહેવાની જરૂર નહીં રહે. ઘરઆંગણે જ કેન્ટીન સુવિધા ઉપલબ્ધ થતા તેમના સમય અને નાણાંની મોટી બચત થશે. સાંસદ શોભનાબેને આ પ્રસંગે જણાવ્યું હતું કે, "અમારા સૈનિકોએ સરહદ પર રહીને આપણી રક્ષા કરી છે, ત્યારે તેમની સુવિધા સાચવવી એ અમારી નૈતિક ફરજ છે."

આ ભવ્ય સફળતા બાદ સાંસદ શોભનાબેન બારૈયાએ ફરી રક્ષા મંત્રી રાજનાથ સિંહની રૂબરૂ મુલાકાત લીધી હતી અને સમગ્ર જિલ્લાના માજી સૈનિકો વતી તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ નવી કેન્ટીનથી હિંમતનગર પંથકમાં માજી સૈનિકો માટે એક મજબૂત સપોર્ટ સિસ્ટમ ઊભી થશે અને સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ તેમના સુધી વધુ સરળતાથી પહોંચી શકશે. સમગ્ર જિલ્લાના સૈનિક સંગઠનોએ પણ સાંસદશ્રીની આ કામગીરીને બિરદાવી હર્ષની લાગણી વ્યક્ત કરી છે.


રિપોર્ટ : સોમાજી ચૌહાણ

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના માજી સૈનિકોની વર્ષો જૂની માંગણી સંતોષાઈ છે. સાંસદ શોભનાબેન બારૈયાએ રક્ષા મંત્રી રાજનાથ સિંહ સમક્ષ કરેલી મજબૂત રજૂઆતને પગલે હિંમતનગર ખાતે એક્સ-સર્વિસમેન કેન્ટીન (CSD) શરૂ કરવાની મંજૂરી મળી છે. આ સુવિધાનો લાભ આશરે ૨૫,૦૦૦થી વધુ માજી સૈનિકો અને તેમના પરિવારોને મળશે. અગાઉ સૈનિકોને સામાન લેવા માટે અમદાવાદ કે ગાંધીનગર સુધી ધક્કા ખાવા પડતા હતા, જે મુશ્કેલીનો હવે અંત આવશે. સાંસદશ્રીએ આ નિર્ણય બદલ રક્ષા મંત્રીનો રૂબરૂ મળી આભાર વ્યક્ત કર્યો હતો.**

# ખેડા જિલ્લા ભાજપ સંગઠનમાં નવી નિમણૂક: હોદ્દેદારોની શુભેચ્છા મુલાકાત

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં ધરખમ ફેરફારો અને નવી નિમણૂકો સાથે આગામી સમયના આયોજનો તેજ બન્યા છે. જિલ્લા ભાજપના નવનિયુક્ત સૌ હોદ્દેદારો, વિવિધ મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ અને સેલના ઇન્ચાર્જશ્રીઓને સત્તાવાર રીતે જવાબદારી સોંપાયા બાદ ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ તેમની સાથે ખાસ મુલાકાત કરી હતી.

જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલી આ બેઠકમાં પંકજભાઈએ નવનિયુક્ત જિલ્લા મંત્રી ભૂપતસિંહ ચૌહાણ, યુવા મોરચાના મહામંત્રી રાજેન્દ્રસિંહ ઝાલા, બક્ષીપંચ મોરચાના પ્રમુખ ગણપતસિંહ રાઠોડ અને લઘુમતી મોરચાના મહામંત્રી સોહીલભાઈ મલેકને અભિનંદન સહ શુભેચ્છાઓ આપી હતી. ધારાસભ્યશ્રીએ દરેક હોદ્દેદાર સાથે ચર્ચા કરી સંગઠનની શક્તિને ગામે-ગામ સુધી કેવી રીતે વિસ્તારી શકાય તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે ઉમેર્યું કે, કાર્યકર્તાઓની મહેનત અને સમર્પણ જ પક્ષને મજબૂત બનાવે છે. ખેડા જિલ્લામાં ભાજપ હંમેશા જનસેવામાં અગ્રેસર રહ્યો છે, ત્યારે નવી ટીમ પાસેથી પણ અપેક્ષા છે કે તેઓ સંગઠનના આદર્શોને જાળવી રાખીને લોકોના પ્રશ્નોના ઉકેલ માટે કટિબદ્ધ રહેશે. આ નિમણૂકોથી જિલ્લામાં પક્ષના વિવિધ મોરચાઓને નવું નેતૃત્વ અને નવી ઉર્જા મળી છે, જે આવનારી ચૂંટણીઓ અને સંગઠનાત્મક કાર્યોમાં મહત્વની ભૂમિકા ભજવશે.

**રિપોર્ટ : દિપક પરમાર**







# થરાદના વાડિયા ગામનો શક્તિ ફિલ્મ સામે વિરોધ: રિલીઝ અટકાવવા માંગ

**દૈનિક પલ્સ સમાચાર:** થરાદ તાલુકાનું વાડિયા ગામ આજે એક નવી લડત લડી રહ્યું છે, જે શારીરિક નહીં પણ સ્વાભિમાનની લડત છે. આગામી 27 ફેબ્રુઆરીએ રિલીઝ થનારી ગુજરાતી ફિલ્મ 'શક્તિ' સામે વાડિયાના ગ્રામજનોએ સખત વાંધો ઉઠાવ્યો છે. જિલ્લા કલેક્ટરને અપાયેલા આવેદનપત્રમાં ગ્રામજનોએ વિગતવાર રજૂઆત કરી છે કે આ ફિલ્મ તેમના ગામના અસ્તિત્વ અને પ્રતિષ્ઠા પર ઘા સમાન છે.

ભૂતકાળમાં વાડિયા ગામની ઓળખ અમુક નકારાત્મક કારણોસર હતી, પરંતુ સામાજિક સુધારકો અને સ્થાનિક લોકોના અથાગ પ્રયત્નોથી આજે ગામનો નકશો બદલાઈ ગયો છે. આજે ગામમાં 500થી વધુ પરિવારો પશુપાલન અને પ્રગતિશીલ ખેતી દ્વારા સન્માનભેર આજીવિકા રળી રહ્યા છે. નવી પેઢી ભણી-ગણીને સરકારી નોકરીઓ અને ઉચ્ચ હોદ્દાઓ પર પહોંચવા સજ્જ છે. આવા સકારાત્મક માહોલમાં જો કોઈ ફિલ્મ ગામની જૂની ઓળખને ફરીથી વટાવવાનો પ્રયાસ કરે, તો તે ગ્રામજનો માટે અસહ્ય છે.

ગામના રમેશભાઈએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે આ ફિલ્મ નિર્માતાઓએ ગામના કોઈ પણ સભ્યની સંમતિ લીધી નથી. તેમણે જણાવ્યું કે, "અમે અમારા બાળકોનું ભવિષ્ય બગાડવા નથી માંગતા. આ ફિલ્મથી સામાજિક સંતુલન બગડી શકે છે." ગ્રામજનોની માંગણી છે કે જ્યાં સુધી વાંધાજનક દ્રશ્યો કે સંદર્ભો દૂર કરવામાં ન આવે ત્યાં સુધી ફિલ્મને રિલીઝ ન કરવામાં આવે. જો વહીવટી તંત્ર દ્વારા તેમની માંગણીઓ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવશે, તો ગામલોકો ભૂખ હડતાળ પર ઉતરવાની અને આસપાસના 50થી 60 ગામોના સમર્થન સાથે વિશાળ રેલી કાઢવાની તૈયારી કરી રહ્યા છે. આ મુદ્દો હવે માત્ર એક ફિલ્મ પૂરતો સીમિત ન રહેતા વાડિયા ગામના અસ્મિતાનો સવાલ બની ગયો છે, જેને લઈને સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ચર્ચાઓ જાગી છે.


રિપોર્ટ : વશાભાઈ વાલડીયા




# મહીસાગર ભાજપના નવનિયુક્ત હોદ્દેદારોનો ફાગવેલ ખાતે સન્માન કાર્યક્રમ

**દૈનિક પલ્સ સમાચાર:** બાલાસિનોર અને ફાગવેલ પંથકમાં આજે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. બાલાસિનોરથી શરૂ થયેલી ભવ્ય રેલી ફાગવેલ સ્થિત ભાથીજી મહારાજના મંદિરે પહોંચી હતી, જ્યાં શ્રદ્ધાપૂર્વક ધ્વજારોહણ વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ અવસરે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના મહીસાગર જિલ્લા સમિતિ દ્વારા નવનિયુક્ત ભાજપ હોદ્દેદારોના સન્માન માટે એક ભવ્ય મંચ તૈયાર કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં મહીસાગર જિલ્લા ભાજપના તમામ નવા વરાયેલા હોદ્દેદારો, સેલના પ્રમુખો અને મહામંત્રીઓને સ્ટેજ પર સન્માનિત કરવામાં આવ્યા હતા. ઠાકોર સેનાના આગેવાનોએ જણાવ્યું હતું કે, સક્ષમ નેતૃત્વ મળવાથી જિલ્લાના વિકાસ કાર્યોને વેગ મળશે. સન્માનિત હોદ્દેદારોએ પણ સમાજ અને સંગઠન પ્રત્યેની પોતાની જવાબદારી સ્વીકારતા જણાવ્યું કે, આગામી સમયમાં છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓ પહોંચાડવી અને સંગઠનમાં નવી ઉર્જા પૂરવી એ તેમની પ્રાથમિકતા રહેશે. આ પ્રસંગે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ કેસરી ખેસ અને ધજાઓ સાથે ઉમટી પડ્યા હતા. સમગ્ર વાતાવરણ 'જય ભાથીજી'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. વક્તાઓએ સમાજની એકતા અને ભાઈચારા પર ભાર મૂક્યો હતો. અંતમાં, તમામ નવનિયુક્ત સભ્યોને ઉજ્જવળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ આયોજનથી મહીસાગર જિલ્લાના રાજકીય અને સામાજિક વર્તુળોમાં હકારાત્મક ઉર્જાનો સંચાર થયો છે


રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર

# દિનશા પટેલ કોલેજ આપઘાત કેસમાં નડિયાદમાં ઉગ્ર આંદોલનની ચિમકી

**દૈનિક પલ્સ સમાચાર:** નડિયાદ સ્થિત દિનશા પટેલ કોલેજ ઓફ નર્સિંગના વિદ્યાર્થી જય પાટીલના આપઘાત કેસમાં ન્યાયની માંગ સાથે આંદોલન વધુ તેજ બન્યું છે. જય પાટીલના આપઘાતના સમાચાર બાદ સમગ્ર ખેડા જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. આ કેસમાં સંડોવાયેલા આરોપીઓની ધરપકડ કરવામાં વિલંબ થતો હોવાના આક્ષેપ સાથે અનુસૂચિત જાતિ સમાજના અગ્રણીઓ અને મૃતકના પરિવારજનોએ મોરચો માંડ્યો છે.

છેલ્લા બે દિવસથી કલેક્ટર કચેરીની બહાર મોટી સંખ્યામાં લોકો એકઠા થઈને ધરણા-પ્રદર્શન કરી રહ્યા છે. વિરોધ કરી રહેલા લોકોની સ્પષ્ટ માંગ છે કે જ્યાં સુધી ગુનેગારો જેલના સળિયા પાછળ નહીં જાય ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે. સૂત્રોચ્ચાર અને પ્લેકાર્ડ્સ સાથે ન્યાયની માંગણી કરતા પરિવારે જણાવ્યું કે તેમને તંત્ર પર વિશ્વાસ છે પણ કાર્યવાહીમાં થઈ રહેલો વિલંબ શંકા જન્માવે છે. સામાજિક આગેવાનોએ ચીમકી આપી છે કે જો ટૂંક સમયમાં પરિણામલક્ષી કાર્યવાહી નહીં થાય તો આંદોલન માત્ર કલેક્ટર કચેરી પૂરતું સીમિત નહીં રહે, પરંતુ તેને સમગ્ર ગુજરાત સ્તરે લઈ જવામાં આવશે. હાલમાં આ કેસને લઈને સ્થાનિક રાજકારણ અને શૈક્ષણિક જગતમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.


રિપોર્ટ : પ્રકાશ વાઘેલા

**નડિયાદની દિનશા પટેલ કોલેજના વિદ્યાર્થી જય પાટીલના આપઘાત મામલે ન્યાયની માંગ તેજ બની છે. છેલ્લા બે દિવસથી અનુસૂચિત જાતિ સમાજ અને પરિવારજનો કલેક્ટર કચેરી બહાર ધરણા પર છે. આરોપીઓની તાત્કાલિક ધરપકડ ન થાય તો ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.**